AXIS BANK

**નીઓ ફોર બિઝનેસ ઇન્ટરનેટ બેંકિંગના નિયમો અને શરતો:**

આ દસ્તાવેજ ઇન્ટરનેટ બેંકિંગ માટે નિયમો અને શરતો દર્શાવે છે, જે તમામ હાલના ખાતાઓ તેમજ ભવિષ્યમાં કોઈપણ સમયે એક્સિસ બેંક સાથે નીઓ ફોર બિઝનેસ પર સફળતાપૂર્વક રજિસ્ટર કરવામાં આવનાર ખાતાઓ પર લાગુ પડે છે. ઇન્ટરનેટ બેંકિંગના નિયમો અને શરતો યૂઝર (નીચે વ્યાખ્યાયિત કર્યા મુજબ) અને બેંક વચ્ચેનો કરાર છે.

**પરિભાષા**

આ દસ્તાવેજમાં નીચેના શબ્દો અને શબ્દસમૂહોનો અર્થ તેમની સામે આપેલ છે, સિવાય કે સંદર્ભ અન્યથા સૂચવે.

- "બેંક" એ એક્સિસ બેંક લિમિટેડનો સંદર્ભ આપે છે, જે ભારતમાં કંપની અધિનિયમ, 1956 હેઠળ સ્થાપિત એક બેંકિંગ કંપની છે અને તેની રજિસ્ટર્ડ ઑફિસ "ત્રિશૂલ", ત્રીજો માળ, સમર્થેશ્વર મંદિરની સામે, લૉ ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ - 380 006, ગુજરાત, ભારત ખાતે છે, જેમાં તેની કોઈપણ શાખા / ઑફિસનો સમાવેશ થાય છે. આ શબ્દમાં એક્સિસ બેંક લિમિટેડના ઉત્તરાધિકારીઓ અને અસાઇનીઓનો સમાવેશ થાય છે

- "એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ" એ બેંક દ્વારા આપવામાં આવતી ઇન્ટરનેટ સેવા છે, જે યૂઝરને નીચેની સુવિધાઓ પ્રદાન કરે છે: બૅલેન્સની પૂછપરછ, ખાતાનું સ્ટેટમેન્ટ, ચેક બુક જારી કરવાની વિનંતી*, ઇન્ટિગ્રેટેડ ઇન્વૉઇસિંગ, ઇન્વેન્ટરી મેનેજમેન્ટ, રિપોર્ટ, વેચાણ અને ખરીદીનું મોડ્યુલ, પે-રોલ મેનેજમેન્ટ*, કરની ચુકવણી* તથા બેંક દ્વારા સમયાંતરે પ્રદાન કરવામાં આવતી સુવિધાઓ.

* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે

- "યૂઝર" એ એવી કોઈપણ વ્યક્તિ/ઓનો સંદર્ભ આપે છે, જે કોઈ ખાતાધારક હોય અથવા એકમાત્ર હસ્તાક્ષરકર્તા હોય અથવા જ્યારે એકથી વધુ હસ્તાક્ષરકર્તા હોય ત્યારે કાર્ય કરવા માટે અધિકૃત હોય અને/અથવા બેંક દ્વારા પ્રદાન કરેલી ઇન્ટરનેટ બેંકિંગ સેવાનો લાભ લેવા માટે બેંક દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય.
"ખાતું" એટલે યૂઝરનું અને/અથવા ચાલુ ખાતું અને/અથવા ફિક્સ્ડ ડિપોઝિટ અને/અથવા કૅશ ક્રેડિટ ખાતું અને/અથવા ડિપોઝિટરી ખાતું અને/અથવા બેંક દ્વારા નિયુક્ત અન્ય કોઈપણ પ્રકારનું ખાતું, જે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા હેઠળ કવર કરવામાં આવશે.

* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે

- "શરતો" એટલે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગના ઉપયોગ માટેના, આ દસ્તાવેજમાં વિગતવાર આપવામાં આવેલ નિયમો અને શરતો.

- "ગ્રાહક" અથવા "ક્લાયન્ટ" અથવા "કંપની" નો અર્થ આ નિયમો અને શરતો હેઠળ ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિ/સંસ્થા હશે. "ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ" અથવા "સેવાઓ" નો આ નિયમો અને શરતોમાં જ્યાં પણ ઉપયોગ કરવામાં આવેલ હોય, ત્યાં તેનું અર્થઘટન, આ નિયમો અને શરતો હેઠળ એક્સિસ બેંક દ્વારા તેના ગ્રાહકોને આપવામાં આવતી ફંડ ટ્રાન્સફર / ચુકવણીની સેવાઓ (એનઇએફટી / આરટીજીએસ / આઇએમપીએસ સુવિધા), ચેક* / ડિમાન્ડ ડ્રાફ્ટ* / પે ઓર્ડરની સુવિધા*, વૈધાનિક અને કરની ચુકવણી*, વેપાર અને વિદેશી હૂંડિયામણની સેવાઓ*, બિન-નાણાંકીય સેવાઓ* (ચેક બુક, ડીડી, પાન અપડેટ વગેરે) અને સમયાંતરે ઉપલબ્ધ કરાવવામાં આવતી, અને તેમાં એક્સિસ બેંક દ્વારા સમયાંતરે કરવામાં આવતા ફેરફારો સહિતની અન્ય કોઈપણ સેવાઓ, એમ કરવામાં આવશે. * બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે

- "સૂચનાઓ" એટલે સેવાઓ હેઠળ આવરી લેવામાં આવતી પ્રવૃત્તિઓ કરવા માટે સુરક્ષા પ્રક્રિયાને અનુસરીને, નાણાં મોકલવા અથવા ફંડ ટ્રાન્સફર કરવા માટે ચુકવણીની કોઈપણ સૂચનાઓ સહિત એક્સિસ બેંકને ગ્રાહક દ્વારા મોકલવામાં આવેલ તમામ સંદેશા અથવા સૂચનાઓનો સમાવેશ થાય છે.
- "ઓટીપી" એટલે વન-ટાઇમ પાસવર્ડ/ વન-ટાઇમ પર્સનલ આઇડેન્ટિફિકેશન નંબર.
- "આરબીઆઇ" એટલે ભારતીય રિઝર્વ બેંક.
- "એનપીસીઆઇ" એટલે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા.

- "નિયમનો" અથવા "માર્ગદર્શિકા" એટલે આરબીઆઇ, એનપીસીઆઇ અથવા અન્ય કોઈપણ સરકારી અથવા વૈધાનિક ઑથૉરિટી દ્વારા સમયાંતરે સેવાઓના સંબંધમાં જારી કરાયેલ તમામ નિયમો, નિયમનો અને/અથવા માર્ગદર્શિકા.

- "સુરક્ષા પ્રક્રિયા" એટલે એક્સિસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી એવી પ્રક્રિયા, જે કોઈ સૂચનામાં ફેરફાર કે તેને રદ કરતી સૂચના અથવા સંદેશાનો અમલ કરવાના હેતુથી અથવા સૂચનામાં ફેરફાર કે તેને રદ કરતી સૂચના અથવા સંદેશાવ્યવહાર ગ્રાહક દ્વારા જ મોકલવામાં આવેલ છે તેની ચકાસણી કરવા માટે અથવા સૂચનાના કન્ટેન્ટના ટ્રાન્સમિશનમાં ભૂલ શોધવા માટેની પ્રક્રિયા.

- "નિયમો અને શરતો" એટલે આ નિયમો અને શરતો, જેમાં અહીં જણાવ્યા મુજબ સુધારા કરી શકાય અને પુરવણીઓ ઉમેરી શકાય છે.

- “યૂઝર” એટલે ગ્રાહકના પ્રતિનિધિઓ કે જેઓ ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા ગ્રાહકના ખાતાને ઍક્સેસ કરવાનો અધિકાર ધરાવે છે તથા આ યૂઝરમાં, માત્ર ખાતું જોવાનો અધિકાર ધરાવતા યૂઝર તેમજ ઇનપુટ, અપલોડ અને ચકાસણી, પુષ્ટિકરણ અને/અથવા અધિકૃત કરવાના અધિકારો ધરાવતા યૂઝરનો સમાવેશ થાય છે. જ્યાં અધિકૃતતાના આવા અધિકારો ગ્રાહક દ્વારા સંયુક્ત ધોરણે આપવામાં આવે છે, ત્યાં સંદર્ભ અથવા અર્થઘટનની જરૂરિયાત મુજબ આ શબ્દનો અર્થ અધિકૃતતાના અધિકારો ધરાવતા એવા સંયુક્ત યૂઝર થશે.

- "વેબસાઇટ / સાઇટ" એટલે વેબ-સાઇટ www.axisbank.com અથવા સમયાંતરે એક્સિસ બેંક દ્વારા સૂચિત કરવામાં આવતી આવી અન્ય વેબ-સાઇટ.

- "જીએસટી" એટલે જીએસટી કાયદા હેઠળ માલ અથવા સેવાઓના પુરવઠા પર અથવા બંને પર લાદવામાં આવેલ કોઈપણ કર અથવા ઉપકર અથવા બંને.

- "જીએસટીઆઇએન" એટલે માલ અને સેવા કર ઓળખ નંબર

- "જીએસટીએન" એટલે માલ અને સેવા કર નેટવર્ક.

- "જીએસટી કાયદા" એટલે આઇજીએસટી કાયદો 2017, સીજીએસટી કાયદો 2017, યુટીજીએસટી કાયદો 2017 અને દરેક રાજ્યના પોતાના એસજીએસટી કાયદા, 2017 અને સંબંધિત કાયદાઓ હેઠળ જારી કરાયેલા તમામ સંબંધિત નિયમો, નિયમનો, સૂચનાઓ અને પરિપત્રો.

- "તમારા ગ્રાહકને જાણો" અથવા "કેવાયસી" એટલે લાગુ કાયદા મુજબ વિવિધ ધોરણો, આદેશો, નિયમો, નિયમનો, કાયદાઓ અને ધારાઓ, જેમાં સમયાંતરે બહાર પાડવામાં આવતી આરબીઆઇની માર્ગદર્શિકા શામેલ છે, અને જેના અનુસાર નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મ દ્વારા, નીઓ ફોર બિઝનેસનો ઍક્સેસ/ઉપયોગ કરવા માંગતા યૂઝર પાસેથી વ્યક્તિગત ઓળખની વિગતો મેળવવામાં આવે છે.

- “આરબીઆઇની માર્ગદર્શિકા" એટલે આરબીઆઇ દ્વારા બહાર પાડવામાં આવતા વર્તમાન નિયમો, નિયમનો, આદેશો, દિશાનિર્દેશો, સૂચનાઓ અને માર્ગદર્શિકાઓ, જેમાં – ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, 2007, 24 નવેમ્બર, 2009 ના નીઓ ફોર બિઝનેસ માટે અને ખાતાઓનું સંચાલન અને મધ્યસ્થીઓને લગતા ઇલેક્ટ્રોનિક ચુકવણીના ટ્રાન્ઝૅક્શનની ચુકવણી અંગે આરબીઆઇના નિર્દેશો, માર્ચ 17, 2020 ના ચુકવણી એગ્રીગેટર અને ચુકવણી ગેટવેના નિયમન અંગેની માર્ગદર્શિકા તથા તમારા ગ્રાહકને જાણો (કેવાયસી), 2016 માટેના મુખ્ય નિર્દેશોમાં સમયાંતરે કરવામાં આવતા ફેરફારો.

“સેવા(ઓ)” નો અર્થ અને તેમાં યૂઝરની વિનંતી અનુસાર, નીઓ ફોર બિઝનેસ દ્વારા પ્રદાન કરવામાં આવતી નીચે જણાવેલી સેવાઓનો સમાવેશ થાય છે:

  - ચુકવણીઓ અને કલેક્શન માટે ઑનલાઇન બિઝનેસ ખાતું;
  - ચુકવણી ગેટવે
  - ઑટોમેટેડ એકાઉન્ટિંગ;
  - મલ્ટી-એકાઉન્ટ કનેક્ટ;*

- કરવેરાનું ફાઇલિંગ;*
- ક્યૂઆર કાર્ડ*
- Visa કો-બ્રાન્ડેડ કાર્ડ;*
- બિઝનેસ લોન;*
- એપ - નીઓ ફોર બિઝનેસ ટેલી+,* નીઓ ફોર બિઝનેસ સ્ટોર,* નીઓ ફોર બિઝનેસ ક્લાસ,* નીઓ ફોર બિઝનેસ સર્કલ,* નીઓ ફોર બિઝનેસ હબ,* નીઓ ફોર બિઝનેસ પે-રોલ વગેરે.;* અને/અથવા
- તેમાં અમારા દ્વારા સમયાંતરે પૂરી પાડવામાં આવતી પ્રૉડક્ટ/સેવાઓનો સમાવેશ થાય છે.

"[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]"

- "સેવા પ્રદાતા" એટલે "નીઓ ફોર બિઝનેસ" ની સુવિધા પ્રદાન કરનાર, જેની સુવિધાઓ અથવા સેવાઓનો ઉપયોગ સેવાઓની જોગવાઈ માટે કરવામાં આવે છે.
- "ટ્રાન્ઝૅક્શન" એટલે ચુકવણી માટેની સૂચના, કે જેના પરિણામે (a) યૂઝર તરફથી પ્રાપ્તકર્તાને સફળતાપૂર્વક ફંડ ટ્રાન્સફર થાય છે; અથવા સંદર્ભ અનુસાર (b) ચુકવણીકર્તા તરફથી યૂઝરને સફળતાપૂર્વક ફંડ ટ્રાન્સફર થાય છે.
- "યૂઝર", "તમે", "તમારું" તથા "તમે સ્વયં", એટલે સંદર્ભ અનુસાર જે લાગુ પડતું હોય તે મુજબ, કોઈપણ કુદરતી વ્યક્તિ અથવા કાનૂની વ્યક્તિ (એકલ માલિકી ધરાવતી વ્યક્તિ, ભાગીદારી પેઢી, કંપની, એલએલપી, ટ્રસ્ટ, સોસાયટીઓ અથવા એચયુએફ), જે નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મ પર રજિસ્ટર કરાવે છે અને/અથવા ટ્રાન્ઝૅક્શન કરે છે અથવા સેવાઓનો લાભ લે છે. "યૂઝર" એટલે યૂઝરની એવી વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે (યૂઝરના કોઈપણ વર્તમાન અથવા ભૂતપૂર્વ અધિકારીઓ, નિયામકો અથવા કર્મચારીઓ તથા અન્ય વ્યક્તિઓ), જેમના દ્વારા યૂઝર ખાતાના ક્રેડેન્શિયલનો ઉપયોગ કરીને નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મને, સંપૂર્ણ કે મર્યાદિત જે હકો આપવામાં આવેલ હોય, તે સાથે ઍક્સેસ કરવામાં આવે છે

## ભાગ 1- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ માટે અરજી

### શરતોની પ્રયોજ્યતા

આ શરતો યૂઝર અને બેંક વચ્ચે કરારની રચના કરે છે. એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ માટે અરજી કરીને અને સેવાને ઍક્સેસ કરીને, યૂઝર આ શરતોને સ્વીકારે છે. આ શરતો યૂઝરના કોઈપણ ખાતા સંબંધિત કોઈપણ નિયમો અને શરતો ઉપરાંત હશે, અને તેનો અનાદર કરતી નથી.

જો મુખ્ય અરજદારનો મોબાઇલ નંબર વિભાગ ડી (સરનામાંની વિગતો) માં આપવામાં આવેલ હોય, તો આવી સેવા સક્રિય કરવા માટે કોઈપણ ઔપચારિકતાઓ પૂર્ણ કરવાની જરૂર વિના, ગ્રાહકો દ્વારા બેંકના તેમના ચાલુ ખાતાનો ઉપયોગ કરીને નીઓ ફોર બિઝનેસ પર સફળતાપૂર્વક રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગનો ઉપયોગ કરી શકે છે. યૂઝર વર્તમાનમાં કાયદાકીય રીતે ઇન્ટરનેટના યૂઝર હોવા જોઈએ અથવા ઇન્ટરનેટનો ઍક્સેસ અને ઇન્ટરનેટ પર કામ કરવા અંગેનું જ્ઞાન હોવું જરૂરી છે. જો કે, કોઈપણ સમયે બેંક તેના વિવેકાધિકારથી કેટલાક ગ્રાહકોની એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધાને મર્યાદિત કરી શકે છે.

બેંકના વર્તમાન ગ્રાહક, કે જેમાંને ઇન્ટરનેટ બેંકિંગ માટે રજિસ્ટર કરાવેલ નથી, તેઓ એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ ભરીને બેંકની કોઇપણ શાખામાં જમા કરાવી શકે છે. બેંકના નિર્ધારિત ફોર્મમાં વિનંતી પ્રાપ્ત થયા બાદ, તથા સમયાંતરે બેંક દ્વારા નક્કી કરવામાં આવેલા પાત્રતાના માપદંડ અનુસાર, બેંક દ્વારા તેના વિવેકાધિકારથી એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ દ્વારા ઍક્સેસ પ્રદાન કરવામાં આવશે. યૂઝરે તેના ખાતા સાથે સંબંધિત ન હોય તેવી, બેંકના કમ્પ્યુટરમાં સંગ્રહિત ખાતાની માહિતીને, એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સિવાયના અન્ય કોઈપણ માધ્યમથી અથવા ગેરકાયદેસર અને અયોગ્ય હેતુઓ માટે ઍક્સેસ કરવાનો પોતે પ્રયાસ કરવો નહીં તેમજ કોઈ અન્યને પ્રયાસ કરવા દેવો નહીં, અને જો તેમ કરવામાં આવશે અને તેમ કર્યાનું સાબિત થશે, તો તે બદલ યોગ્ય કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે તથા આપવામાં આવેલી સુવિધા પાછી ખેંચી લેવામાં આવશે.

**સૂચનાઓ**

એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધાનો ઉપયોગ કરવા માટેની તમામ સૂચનાઓ યૂઝરને બેંક દ્વારા સૂચવવામાં આવેલ રીતે ઇન્ટરનેટ દ્વારા આપવામાં આવશે. બેંકને પ્રદાન કરેલી સૂચનાઓની ચોકસાઈ અને ખરાઈની જવાબદારી પણ યૂઝરની છે, જે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા ચલાવવા માટે પૂરતી માનવામાં આવશે. આપવામાં આવેલી સૂચનાઓની સ્વતંત્ર રીતે ચકાસણી કરવી બેંક માટે જરૂરી રહેશે નહીં તથા, જો ટૂંકા ગાળામાં વધુ સૂચનાઓ આપીને રદ કરવામાં આવેલ ન હોય, તો એકવાર આપવામાં આવેલી સૂચના અમલી રહેશે. જો બેંક પ્રારંભિક સૂચનાઓના અમલીકરણને રોકવા કે અટકાવવામાં અસમર્થ હોય કે તે તેમ ના કરે, તો તે બદલ બેંકની કોઈ જવાબદારી રહેશે નહીં. જો બેંક સૂચનાઓને અસંગત અથવા વિરોધાભાસી માને છે, તો તે યૂઝર પાસેથી સ્પષ્ટીકરણ માંગી શકે છે અથવા તેને યોગ્ય લાગે તેવી કોઈપણ સૂચનાઓ પર કાર્ય કરી શકે છે.

- એક્સિસ બેંક દ્વારા ગ્રાહક પાસેથી પ્રાપ્ત થયેલ તમામ સૂચનાઓ પર, સંબંધિત સૂચનાઓ સાથે સંકળાયેલ બેંક દ્વારા વ્યાખ્યાયિત ટીએટી મુજબ પ્રક્રિયા કરવામાં આવશે. માત્ર આ નિયમો અને શરતોમાં જણાવવામાં આવેલ રીતે, અહીં સૂચવેલ સુરક્ષા પ્રક્રિયાનો ઉપયોગ કરીને એક્સિસ બેંકને મોકલવામાં આવતી સૂચના જ એક્સિસ બેંક દ્વારા સ્વીકારવામાં આવશે. એક્સિસ બેંક, પોતાના સંપૂર્ણ વિવેકાધિકારથી પરંતુ કોઈપણ જવાબદારી વિના, સૂચનાની પ્રમાણભૂતતા વિશે વધુ તપાસ કરી શકે છે.

- ગ્રાહક એક્સિસ બેંકને પ્રદાન કરેલી સૂચનાઓની ચોકસાઈ અને પ્રામાણિકતા માટે સંપૂર્ણપણે જવાબદાર છે અને તેના દ્વારા અધિકૃત કોઈપણ યૂઝર દ્વારા આપેલ કોઈપણ અને તમામ સૂચનાઓ અને/અથવા ટ્રાન્ઝૅક્શન દ્વારા બંધાયેલા રહેશે. ગ્રાહક દ્વારા આપવામાં આવેલી તમામ સૂચનાઓનો એક્સિસ બેંક વિશ્વાસ કરવા તથા આવી સૂચનાઓ પર કાર્ય કરવા માટે હકદાર રહેશે. ગ્રાહક સ્વીકારે છે અને સંમત થાય છે કે કોઈપણ માહિતી અને/અથવા સૂચનામાં કોઈપણ અચોક્કસતાની સ્થિતિમાં, તેના પરિણામે ટ્રાન્સફરમાં ભૂલ થઈ શકે છે. આવી તમામ સૂચનાઓ અંતિમ રહેશે અને ગ્રાહક પર બંધનકર્તા રહેશે. એક્સિસ બેંકને આપેલ વાસ્તવિક સૂચનાઓ અંગે કોઈપણ વિવાદની સ્થિતિમાં, એક્સિસ બેંકના રેકોર્ડ અંતિમ અને ગ્રાહક પર બંધનકર્તા રહેશે.

- કોઈ સૂચનાને જ્યાં સુધી ગ્રાહક દ્વારા વધુ સૂચનાઓ આપીને રદ કરવામાં ન આવે અથવા એક્સિસ બેંક દ્વારા અમલમાં મૂકવામાં ન આવે, ત્યાં સુધી તે સૂચના અમલમાં રહેશે. જો ગ્રાહકને કોઈપણ સંદેશાવ્યવહારમાં એક્સિસ બેંકને પ્રદાન કરેલી માહિતીમાં ભૂલ જણાય છે, તો તે તરત જ એક્સિસ બેંકને સૂચિત કરશે, અને એક્સિસ બેંક "વાજબી પ્રયત્નો" આધારે શક્ય હોય ત્યાં ભૂલને સુધારવાનો પ્રયત્ન કરશે. કોઈ અન્ય વ્યક્તિ દ્વારા ભૂલથી ગ્રાહકના ખાતામાં ખોટી રીતે કોઈ રકમ જમા કરવામાં આવે છે, તો ગ્રાહક કોઈપણ સમયે ખોટી રીતે જમા થયેલી રકમને પરત કરવા માટે એક્સિસ બેંકને અધિકૃત કરે છે. તેના પરિણામે પ્રાપ્ત થયેલ કોઈપણ અનુચિત અથવા અયોગ્ય લાભ માટે ગ્રાહક જવાબદાર રહેશે અને એક્સિસ બેંક પ્રત્યે જવાબદાર રહેશે.

- જો એક્સિસ બેંકના અભિપ્રાય મુજબ (i) તેને પ્રાપ્ત થયેલ સૂચના ગ્રાહક દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ નથી; અથવા (ii) કોઈપણ કાયદા અથવા નીતિથી વિપરીત, અસંગત, અસ્પષ્ટ, અપૂર્ણ, ખામીયુક્ત છે, અથવા (iii) એક્સિસ બેંક કોઈ કારણસર એમ માને છે કે ગેરકાયદેસર ટ્રાન્ઝૅક્શન કરવા માટે સૂચના આપવામાં આવેલ છે; અથવા (iv) કોઈપણ વિશેષ પરિસ્થિતિઓની નોટિસ સાથે સૂચના જોડાયેલ છે, (v) ખાતામાં ફંડ અપર્યાપ્ત છે અથવા ક્લિયર ફંડ ઉપલબ્ધ નથી; આવી કોઈપણ સૂચના પર કાર્ય કરતા પહેલાં એક્સિસ બેંક દ્વારા ગ્રાહક પાસે સ્પષ્ટીકરણ માંગવામાં આવી શકે છે (આવું કરવા માટે બંધાયેલ નથી) અથવા તેને યોગ્ય લાગે તે રીતે આવી કોઈપણ સૂચના પર અમલ કરી શકે છે અથવા અમલ કરવાનો ઇનકાર કરી શકે છે. ઉપરોક્ત સંજોગોમાં કોઈપણ સૂચનાઓનું પાલન કરવાથી અથવા તેનો અમલ કરવામાં ઇનકાર કરવાથી અથવા કોઈપણ સૂચનાઓને અમલમાં મૂકવામાં વિલંબ થવાથી ગ્રાહક અથવા કોઈપણ થર્ડ-પાર્ટીને થતા કોઈપણ નુકસાન માટે એક્સિસ બેંક જવાબદાર કે બંધાયેલ રહેશે નહીં.

- એક્સિસ બેંક પોતાના વાજબી નિયંત્રણની બહારના કોઈપણ સંજોગો, અથવા કાયદાની કોઈપણ જરૂરિયાત, અથવા કોઈપણ થર્ડ-પાર્ટી, વિક્રેતા અને/અથવા ભાગીદારની કોઈપણ કમી સહિતના કોઈપણ કારણોસર સૂચનાઓના અમલીકરણમાં વિલંબ માટે જવાબદાર રહેશે નહીં.

- જો કોઈ સૂચનાને અમલમાં મૂકવા માટે દસ્તાવેજો જરૂરી હોય, તો એક્સિસ બેંકને આવા દસ્તાવેજો પ્રાપ્ત ન થાય

ત્યાં સુધી આવી સૂચના પર કાર્ય કરવું તેને માટે જરૂરી નથી.

- પૂરતું ફંડ ન હોવાને કારણે અને/અથવા કોઈપણ સરકારી સંસ્થા અથવા વૈધાનિક ઑથૉરિટી દ્વારા આપવામાં આવેલ કોઈપણ ઓર્ડર, માર્ગદર્શિકા અથવા નિર્દેશને કારણે સૂચનાઓનું પાલન નહીં થવાને કારણે ઉદ્ભવતા કોઈપણ પરિણામો માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં

- ગ્રાહક દ્વારા પ્રદાન કરેલી સૂચનાઓ મુજબ ઇન્ટરનેટ બેંકિંગ ચૅનલમાં ટ્રાન્ઝૅક્શન પ્રોસેસિંગ નિયમો અને મર્યાદા બનાવવામાં આવશે. ઇન્ટરનેટ બેંકિંગ પર ટ્રાન્ઝૅક્શન કરવાની અને તેને મંજૂર કરવાની જવાબદારી ગ્રાહકની રહેશે, તથા સુવિધાના દુરુપયોગ/અનધિકૃત ઉપયોગ અથવા યૂઝર દ્વારા ઍક્સેસ ક્રેડેન્શિયલમાં છેડછાડને કારણે ઉદ્ભવતા કોઈપણ અણધાર્યા પરિણામો માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

- ગ્રાહક દ્વારા આપવામાં આવેલ કોઈપણ વિદેશી ચલણના ટ્રાન્ઝૅક્શન સંબંધિત કોઈપણ સૂચનાના કિસ્સામાં, એક્સિસ બેંક દ્વારા ક્વોટ કરેલ વિનિમય દરો, જો કોઈ હોય તો (તેની વેબસાઇટ દ્વારા અથવા અન્યથા), માત્ર અસ્થાયી દરે લાગુ પડશે, જે ભવિષ્યમાં વિનિમય દરમાં થતા ફેરફારોને આધિન રહેશે. જે દર પર ટ્રાન્ઝૅક્શન કરવામાં આવે છે તે દર તમામ હેતુઓ અને ઉદ્દેશ્યો માટે લાગુ રહેશે. ગ્રાહક દ્વારા આપવામાં આવેલી કોઈપણ સૂચનાઓ લાગુ કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી હોવી જોઈએ નહીં, જેમાં મર્યાદા વિના, નિયમનો, વિદેશી હૂંડિયામણ પ્રબંધન અધિનિયમ, 1999 હેઠળ રચાયેલ વિવિધ નિયમનો અને ભારતીય રિઝર્વ બેંક, અથવા અન્ય કોઈપણ સરકારી સંસ્થા અથવા વૈધાનિક સત્તા દ્વારા નિર્ધારિત અન્ય નિયમો અને નિયમનોનો સમાવેશ થાય છે*. *આ પ્લેટફોર્મ પર બેંક દ્વારા આ સેવાઓ રજૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે

- જો ગ્રાહક/ યૂઝર એક્સિસ નીઓ ફોર બિઝનેસમાં રજિસ્ટર્ડ યૂઝર આઇડીનો ઉપયોગ કરીને ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓને ઍક્સેસ કરવા માટે નિયુક્ત પ્લેટફોર્મ દ્વારા, છેલ્લે જે તારીખે આ યૂઝર / ગ્રાહક દ્વારા લૉગ-ઇન કરવામાં આવ્યું હતું તે તારીખથી જો સતત 365 (ત્રણસો પાંસઠ) [કેલેન્ડર દિવસ] સુધી લૉગ-ઇન કરવામાં આવેલ ન હોય, તો એક્સિસ બેંક દ્વારા કોઈપણ ગ્રાહક/ યૂઝર/ યૂઝર આઇડીને "ડોર્મન્ટ યૂઝર" તરીકે વર્ગીકૃત/ ચિહ્નિત/ શ્રેણીકૃત કરવામાં આવી શકે છે. આ પ્રકારે કોઈપણ ગ્રાહક/ યૂઝર/ યૂઝર આઇડીને "નિષ્ક્રિય યૂઝર" તરીકે વર્ગીકૃત/ ચિહ્નિત/ શ્રેણીકૃત કરવામાં આવે, તો આવા ગ્રાહક/ યૂઝર, નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મમાં તેમના ડોર્મન્ટ/નિષ્ક્રિય યૂઝર આઇડીને કરીથી સક્રિય કર્યા વિના તેમના રજિસ્ટર્ડ યૂઝર આઇડી વડે કોઈપણ એક્સિસ નીઓ ફોર બિઝનેસ સેવાઓનો ઉપયોગ કરી શકશે નહીં. ડોર્મન્ટ/નિષ્ક્રિય યૂઝર આઇડીને ફરીથી સક્રિય કરવા માટે, તે ગ્રાહક (સહી કરવા માટે અધિકૃત વ્યક્તિ દ્વારા) / યૂઝર 'આઇડી સક્ષમ કરો' ટૅબ પર ક્લિક કરીને, ચકાસણી પૂર્ણ કરીને અને યૂઝર આઇડીની વિગતોનું પ્રમાણીકરણ સફળતાપૂર્વક પૂર્ણ કરીને, લૉગ-ઇન માટે નવો પાસવર્ડ બનાવી શકે છે. જો કોઈ યૂઝરનું ખાતું કોઈપણ કારણોસર ડોર્મન્ટ તરીકે વર્ગીકૃત/ચિહ્નિત/શ્રેણીકૃત કરવામાં આવેલ હોય, તો આવા યૂઝરને નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મને ઍક્સેસ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી.

**સેવાઓ**

- આ નિયમો અને શરતો, લાગુ કાયદાઓ અને એક્સિસ બેંકની વેબસાઇટ પર ઉલ્લેખિત અન્ય નિયમો અને શરતોને આધિન, એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને સેવાઓ પ્રદાન કરવામાં આવશે. એક્સિસ બેંક સેવાઓમાં અથવા સેવાઓની પદ્ધતિ, રીત અને વ્યાપમાં સમયાંતરે ફેરફાર, અપગ્રેડ અને / અથવા સ્થગિત કરવાનો અધિકાર ધરાવે છે, અને સેવાઓમાં આવા ફેરફાર વિશે ગ્રાહકને જાણ કરવાનો પ્રયત્ન કરશે. એક્સિસ બેંક કોઈપણ પૂર્વ સૂચના પ્રદાન કર્યા વિના અને કોઈ કારણ જણાવ્યા વિના ગ્રાહકને પ્રદાન કરેલી તમામ અથવા કોઈપણ સેવાઓને સ્થગિત કરવાનો અધિકાર અનામત રાખે છે.

- સેવાઓનો અથવા તેનો કોઈપણ ભાગ મેળવવા માટે અથવા તેનો લાભ લેવાનું બંધ કરવા માટે, ગ્રાહકે નિર્ધારિત ફોર્મેટમાં એક્સિસ બેંકને અલગ અરજી કરવાની રહેશે અને ગ્રાહક આ હેતુ માટે એક્સિસ બેંક દ્વારા નિર્ધારિત અતિરિક્ત નિયમો અને શરતો તેમજ લાગુ કાયદાઓને આધીન રહેશે.

- એક્સિસ બેંક, ગ્રાહકની વિનંતી પર, કોઈપણ અન્ય હાલના/નવા ખાતા માટે સેવાઓ પૂરી પાડી શકે છે, અને ગ્રાહક દ્વારા આવા વધુ સેવાઓના ઉપયોગ પર આ નિયમો અને શરતો ઑટોમેટિક રીતે લાગુ થશે.

- ગ્રાહક આથી માન્ય અને સ્વીકાર કરે છે કે, સેવાઓમાં આવરી લેવામાં આવેલા અને બેંક દ્વારા સેવાઓની

જોગવાઈ દરમિયાન બનતા/ઉદ્ભવતા બૌદ્ધિક સંપદા અધિકારો, માત્ર બેંકની માલિકીના અને નિહિત રહેશે તેમજ આ નિયમો અને શરતો ગ્રાહકને બૌદ્ધિક સંપદા અધિકારોની માલિકી અથવા ઉપયોગ માટે કોઈપણ રીતે કોઈ અધિકાર પ્રદાન કરતા નથી.

**સૉફ્ટવેર**

એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગનો ઉપયોગ કરવા માટે જરૂરી બ્રાઉઝર જેવા ઇન્ટરનેટ સૉફ્ટવેર વિશે બેંક સમયાંતરે સલાહ આપશે. આ ઇન્ટરનેટ સૉફ્ટવેરના તમામ વર્ઝનને સપોર્ટ કરવા માટે બેંક પર કોઈ જવાબદારી રહેશે નહીં. યૂઝર સમયાંતરે પોતાના ખર્ચે પોતાના સૉફ્ટવેર, હાર્ડવેર અને ઓપરેટિંગ સિસ્ટમને અપગ્રેડ કરશે અને બેંક યૂઝરના સૉફ્ટવેર, હાર્ડવેર અને ઓપરેટિંગ સિસ્ટમને સપોર્ટ કરવા માટે બંધાયેલી હશે નહીં અને તે સંપૂર્ણપણે યૂઝરની જવાબદારી રહેશે.

**સુરક્ષા**

બેંકને વાજબી રીતે ઉપલબ્ધ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને, એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સેવાની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને અનધિકૃત ઍક્સેસને રોકવા માટે બેંક વાજબી કાળજી લેશે.

- એક્સિસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી (i) યૂઝર આઇડી અને પાસવર્ડ (ii) **ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવા માટે વન ટચ ડિવાઇસનો ઉપયોગ સહિતની સુરક્ષા પ્રક્રિયાનું પાલન કરીને, ગ્રાહક દ્વારા પોતાના જોખમે અને પરિણામોને ધ્યાનમાં રાખીને સેવાઓનો ઉપયોગ કરવામાં આવશે. વધુમાં, એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને, એક્સિસ બેંકને જરૂર હોય તેવી અન્ય સુરક્ષા પ્રક્રિયા અને પ્રમાણીકરણના માધ્યમોને અપનાવવાની સલાહ આપવામાં આવી શકે છે, અને ગ્રાહક આવી સુરક્ષા પ્રક્રિયાનું પાલન કરવા માટે સંમત થાય છે.

**જ્યારે આ પ્લેટફોર્મ માટે બેંક દ્વારા સેવાઓ રજૂ કરવામાં આવે

- ગ્રાહક અને ગ્રાહક દ્વારા અધિકૃત યૂઝર પાસવર્ડ સહિતના તમામ યૂઝર આઇડી અને પાસવર્ડ, ઓટીપીને ગુપ્ત અને યોગ્ય રીતે સુરક્ષિત રાખશે, તથા તેમના દ્વારા એક્સિસ બેંકના કોઈપણ કર્મચારીઓ અને પ્રતિનિધિઓ, વિક્રેતાઓ, ભાગીદારો સહિતના કોઈપણ અનધિકૃત વ્યક્તિને તે જાહેર ન થવા જોઈએ. જો ગ્રાહક અથવા યૂઝર દ્વારા કોઈપણ થર્ડ-પાર્ટીને પાસવર્ડ જણાવવામાં આવતા તેના પરિણામે ગ્રાહકને કોઈ નુકસાન થાય, તો એક્સિસ બેંકને કોઈપણ રીતે જવાબદાર ગણવામાં આવશે નહીં.

- ગ્રાહકને બેંક દ્વારા પ્રદાન કરેલ ફરજિયાત 2 ફેક્ટર પ્રમાણીકરણ (2FA) દ્વારા ઇન્ટરનેટ બેંકિંગ ચૅનલનો ઍક્સેસ આપવામાં આવશે. એક્સિસ બેંક દ્વારા, સમયાંતરે તેની પ્રૉડક્ટ ઑફરના ભાગ રૂપે એસએમએસ, વન ટચ ડિવાઇસ અથવા આવી કોઈપણ રીતો દ્વારા 2 FA પ્રદાન કરી શકે છે. ગ્રાહકોએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે દરેક યૂઝર તેના 2 FA ની સુરક્ષા માટે જવાબદાર રહેશે.

- ઇન્ટરનેટ બેંકિંગ ચૅનલમાં ટ્રાન્ઝૅક્શન અને વિનંતીઓને ઍક્સેસ કરતી વખતે અથવા મંજૂરી આપતી વખતે ગ્રાહકોએ 2FA નો ફરજિયાતપણે ઉપયોગ કરવાનો રહેશે.

- યૂઝર પોતાના મોબાઇલ ડિવાઇસ અથવા વન-ટચ ડિવાઇસ (જે હાર્ડ ટોકન તરીકે પણ ઓળખાય છે) ની સુરક્ષિત રીતે સાચવણી કરવા જવાબદાર રહેશે અને 2FA નો ઉપયોગ કરીને તેમના સંગઠનના સભ્યો દ્વારા આપવામાં આવેલી કોઈપણ અને તમામ સૂચનાઓ અને/અથવા કરવામાં આવતા તમામ ટ્રાન્ઝૅક્શન દ્વારા બંધાયેલા રહેશે. સુરક્ષા પ્રક્રિયાનો ઉપયોગ કરીને આપવામાં આવેલી તમામ સૂચનાઓને એક્સિસ બેંક સાચી માનવાનો હક ધરાવે છે.

- મોબાઇલ ડિવાઇસનું ખોવાઈ જવું, ચોરી થઈ જવી, ગેરવલ્લે થઈ જવું અથવા તેને ક્ષતિ પહોંચવી અને તેને કારણે 2 FA સાથે છેડછાડ થાય, તો યૂઝરના ઇન્ટરનેટ બેંકિંગ ઍક્સેસના દુરુપયોગને રોકવા કરવા માટે જરૂરી પગલાં લેવા માટે તેની જાણ બેંકને તુરંત કરવાની રહેશે.

- એક્સિસ બેંક સમયાંતરે ઇન્ડસ્ટ્રીમાં ઉપલબ્ધ યોગ્ય સુરક્ષા પગલાં અપનાવવાનો પ્રયત્ન કરશે. જો કે, ગ્રાહક સ્વીકારે છે કે ઇન્ટરનેટ સહિત ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી તેમજ જાહેર / સહિયારી સુવિધાઓના ઉપયોગોને કારણે ઘણા જોખમોની શક્યતા રહેલી છે, જેમ કે દુરુપયોગ, હૅકિંગ, વાઇરસ, દુર્ભાવનાપૂર્ણ, વિનાશકારી

અથવા દૂષિત કોડ, પ્રોગ્રામ અથવા મેક્રો જે સેવાઓને પ્રભાવિત કરી શકે છે. આવા જોખમોના કારણે સૂચનાઓ આપવામાં, જાણ કરવામાં અને/અથવા પહોંચ બનાવવાની પ્રક્રિયામાં થતા કોઈપણ નુકસાન, વિલંબ અથવા નિષ્ફળતા માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

**ડેટા, ઑડિટ અને સુરક્ષા**

- ગ્રાહક અને ગ્રાહક દ્વારા અધિકૃત યૂઝર પાસવર્ડ સહિતના તમામ યૂઝર આઇડી અને પાસવર્ડ, ઓટીપીને ગુપ્ત અને યોગ્ય રીતે સુરક્ષિત રાખશે, તથા તેમના દ્વારા એક્સિસ બેંકના કોઈપણ કર્મચારીઓ અને પ્રતિનિધિઓ, વિક્રેતાઓ, ભાગીદારો સહિતના કોઈપણ અનધિકૃત વ્યક્તિને તે જાહેર ન થવા જોઈએ. જો ગ્રાહક અથવા યૂઝર દ્વારા કોઈપણ થર્ડ-પાર્ટીને પાસવર્ડ જણાવવામાં આવતા તેના પરિણામે ગ્રાહકને કોઈ નુકસાન થાય, તો એક્સિસ બેંકને કોઈપણ રીતે જવાબદાર ગણવામાં આવશે નહીં.

- ગ્રાહકને બેંક દ્વારા પ્રદાન કરેલ ફરજિયાત 2 ફેક્ટર પ્રમાણીકરણ (2FA) દ્વારા એક્સિસ નીઓ ફોર બિઝનેસનો ઍક્સેસ આપવામાં આવશે. એક્સિસ બેંક સમયાંતરે તેની પ્રૉડક્ટ ઑફરના ભાગ રૂપે એસએમએસ અથવા આવી કોઈપણ રીત દ્વારા 2FA પ્રદાન કરી શકે છે. ગ્રાહકોએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે દરેક યૂઝર તેના 2 FA ની સુરક્ષા માટે જવાબદાર રહેશે. એક્સિસ નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મમાં ટ્રાન્ઝૅક્શન અને વિનંતીઓને ઍક્સેસ કરતી વખતે અથવા મંજૂરી આપતી વખતે ગ્રાહકોએ 2FA નો ફરજિયાતપણે ઉપયોગ કરવાનો રહેશે.
- યૂઝર પોતાના મોબાઇલ ડિવાઇસ અથવા વન-ટચ ડિવાઇસ (જે હાર્ડ ટોકન તરીકે પણ ઓળખાય છે) ની સુરક્ષિત રીતે સાચવણી કરવા જવાબદાર રહેશે અને 2FA નો ઉપયોગ કરીને તેમના સંગઠનના સભ્યો દ્વારા આપવામાં આવેલી કોઈપણ અને તમામ સૂચનાઓ અને/અથવા કરવામાં આવતા તમામ ટ્રાન્ઝૅક્શન દ્વારા બંધાયેલા રહેશે. સુરક્ષા પ્રક્રિયાનો ઉપયોગ કરીને આપવામાં આવેલી તમામ સૂચનાઓને એક્સિસ બેંક સાચી માનવાનો હક ધરાવે છે.

- મોબાઇલ ડિવાઇસનું ખોવાઈ જવું, ચોરી થઈ જવી, ગેરવલ્લે થઈ જવું અથવા તેને ક્ષતિ પહોંચવી અને તેને કારણે 2 FA સાથે છેડછાડ થાય, તો યૂઝરના એક્સિસ નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મના ઍક્સેસના દુરુપયોગને રોકવા કરવા માટે જરૂરી પગલાં લેવા માટે તેની જાણ બેંકને તુરંત કરવાની રહેશે.

- એક્સિસ બેંક સમયાંતરે ઇન્ડસ્ટ્રીમાં ઉપલબ્ધ યોગ્ય સુરક્ષા પગલાં અપનાવવાનો પ્રયત્ન કરશે. જો કે, ગ્રાહક સ્વીકારે છે કે ઇન્ટરનેટ સહિત ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી તેમજ જાહેર / સહિયારી સુવિધાઓના ઉપયોગોને કારણે ઘણા જોખમોની શક્યતા રહેલી છે, જેમ કે દુરુપયોગ, હૅકિંગ, વાઇરસ, દુર્ભાવનાપૂર્ણ, વિનાશકારી અથવા દૂષિત કોડ, પ્રોગ્રામ અથવા મેક્રો જે સેવાઓને પ્રભાવિત કરી શકે છે. આવા જોખમોના કારણે સૂચનાઓ આપવામાં, જાણ કરવામાં અને/અથવા પહોંચ બનાવવાની પ્રક્રિયામાં થતા કોઈપણ નુકસાન, વિલંબ અથવા નિષ્ફળતા માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

- યૂઝર અને નીઓ ફોર બિઝનેસ બંને રજૂઆત કરે છે અને એકબીજા સાથે કરાર કરે છે કે (a) તેઓ આરબીઆઇ માર્ગદર્શિકા હેઠળ નિર્ધારિત કરવામાં આવેલ ડેટા સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરશે, જેમાં ઇન્સિડન્ટ મેનેજમેન્ટ અને રિપોર્ટિંગ માટેની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે; અને (b) તેની સિસ્ટમ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પેમેન્ટ કાર્ડ ઇન્ડસ્ટ્રી-ડેટા સિક્યોરિટી સ્ટાન્ડર્ડ ("પીસીઆઇ-ડીએસએસ") સાથે સુસંગત છે. વધુમાં, જ્યાં લાગુ પડતું હોય ત્યાં, યૂઝર રજૂઆત કરે છે અને નીઓ ફોર બિઝનેસ સાથે કરાર કરે છે કે તેની સિસ્ટમ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પેમેન્ટ એપ્લિકેશન-ડેટા સિક્યોરિટી સ્ટાન્ડર્ડ ("પીએ-ડીએસએસ") સાથે સુસંગત છે.*

"[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]"

**પાસવર્ડ**

યૂઝર સ્વીકારે છે અને બિનશરતી રીતે નીચેના માટે સંમત થાય છે:

- ખાતા ધારકની અરજી મંજૂર થયા બાદ ગ્રાહકને લૉગ-ઇન આઇડી ફાળવવામાં આવશે, તથા એક્સિસ નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મમાં પાસવર્ડ બનાવવામાં આવશે.
- પાસવર્ડમાં તમારા યૂઝરનેમ/પર્સનલાઇઝ્ડ લૉગ-ઇન આઇડી અને ગ્રાહક

આઇડીમાં હોય તે તમામ અક્ષરનો ઉપયોગ થઈ શકતો નથી.

- પાસવર્ડમાં ફરજિયાતપણે અંકો, વિશેષ ચિન્હો અને ઓછામાં ઓછા 1 કેપિટલ અક્ષરનું સંયોજન હોવું જરૂરી છે.
- પાસવર્ડમાં અહીં દર્શાવેલ વિશેષ ચિન્હોનો જ ઉપયોગ કરી શકાય છે .!@$%^&*-+{}'|/-
- પાસવર્ડમાં વચ્ચે ખાલી જગ્યાઓ રાખી શકાતી નથી.
- પાસવર્ડમાં ઓછામાં ઓછા 8 અક્ષર અને મહત્તમ 30 અક્ષરો હોવા જોઈએ.
- તમારો પાસવર્ડ તમારા છેલ્લા 5 પાસવર્ડ કરતાં અલગ હોવો જોઈએ.
- યૂઝર પોતાના જોખમ અને પરિણામો પર ગમે તેટલી વખત પાસવર્ડ બદલવા માટે મુક્ત છે. યૂઝર પાસવર્ડની ગોપનીયતા જાળવવા માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે, તેથી બદલાયેલ છે અને અધિકૃત યૂઝર સિવાયના કોઈપણ વ્યક્તિ દ્વારા પાસવર્ડના દુરુપયોગ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- બેંક આ વતી કોઈ જવાબદારી સ્વીકારતી નથી, જેમાં યૂઝર આઇડી/પાસવર્ડના દુરુપયોગ/અનધિકૃત ઉપયોગના પરિણામે યૂઝરને થયેલા નુકસાનનો સમાવેશ થાય છે.
- જો યૂઝર પાસવર્ડ ભૂલી જાય છે, તો પ્લેટફોર્મ પર પ્રદાન કરેલી "પાસવર્ડ ભૂલી ગયા છો" સુવિધાનો ઉપયોગ કરીને નવો પાસવર્ડ બનાવી શકાય છે.

**સુરક્ષા જવાબો**

યૂઝર સ્વીકારે છે અને બિનશરતી રીતે નીચેના માટે સંમત થાય છે:

ઇન્ટરનેટ બેંકિંગ લૉગ-ઇનને વધુ સુરક્ષિત બનાવવા માટે ગ્રાહક દ્વારા સુરક્ષા પ્રશ્નોના જવાબ પસંદ કરવામાં આવે છે.

યૂઝર ગમે તેટલી વખત જવાબો બદલવા માટે મુક્ત છે, પરંતુ પોતાના જોખમ અને પરિણામો પર શાખામાં વિનંતી કરીને તેમ કરી શકે છે. યૂઝર આ રીતે બદલાયેલા જવાબોની ગોપનીયતા જાળવવા માટે સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને અધિકૃત યૂઝર સિવાયના કોઈપણ વ્યક્તિ દ્વારા ઉક્ત જવાબોના દુરુપયોગ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. ગ્રાહક વચન આપે છે કે સુરક્ષા જવાબોને થર્ડ પાર્ટીથી દૂર રાખવામાં આવશે અને તેમનો લૉગ-ઇન પાસવર્ડ, સુરક્ષા જવાબો અને ટ્રાન્ઝૅક્શન પાસવર્ડ તેમજ યૂઝરનેમ ઓળખી શકાય તેવા સ્વરૂપમાં અથવા ઇન્ટરનેટ સેવાઓ સાથે ઉપયોગમાં આવતી કોઈપણ અન્ય આઇટમ પર સેવ કરશે નહીં. જો તેઓ કોઈ અન્ય વ્યક્તિને તેમના સુરક્ષા પ્રશ્ન/જવાબ વિશે જાણકારી આપે છે, તો તે વ્યક્તિ દ્વારા અથવા તે વ્યક્તિની સંમતિથી સેવાનો ઉપયોગ કરીને કરવામાં આવેલા તમામ ટ્રાન્ઝૅક્શનથી ઉદ્ભવતા અથવા તેના સંબંધમાં ઉદ્ભવતા તમામ દાવાઓ, નુકસાન અને પરિણામો માટે તેઓ જવાબદાર રહેશે. બેંક આ વતી કોઈ જવાબદારી સ્વીકારતી નથી, જેમાં આ વિગતોના દુરુપયોગ / અનધિકૃત ઉપયોગના પરિણામે યૂઝરને થયેલા નુકસાનનો સમાવેશ થાય છે. જો યૂઝર જવાબો ભૂલી જાય, તો તેમને રિસેટ કરવા માટે શાખાનો સંપર્ક કરી શકાય છે.

**શુલ્ક**

એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા હેઠળ કોઈપણ સેવા પ્રદાન કરવા માટે, બેંક યૂઝર પાસેથી કોઈપણ નિશ્ચિત શુલ્ક વસૂલ કરવાનો અને રિકવર કરવાનો અધિકાર અનામત રાખે છે. યૂઝર આથી બેંકને યૂઝરના કોઈ એક ખાતામાંથી ડેબિટ કરીને અથવા યૂઝરને બિલ, જેની ચુકવણી નિર્ધારિત સમયગાળામાં કરવા તેઓ જવાબદાર રહેશે, મોકલીને સેવા શુલ્ક વસૂલવાનો અધિકાર આપે છે. આમ કરવામાં નિષ્ફળતાના પરિણામે બેંક દ્વારા પોતાને યોગ્ય લાગે એ રીતે વ્યાજ સહિત, જો હોય તો, સેવા શુલ્કની વસૂલાત કરવામાં આવશે અને/અથવા બેંક પર કોઈપણ જવાબદારી વિના એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા પાછી ખેંચી લેવામાં આવશે.

- ગ્રાહક આથી એક્સિસ બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા, સેવાઓ પર લાગુ થતા તમામ શુલ્ક (જે માલ અને સેવા કર (જીએસટી) સહિત તમામ લાગુ પડતા કરવેરા સિવાયના રહેશે અને તે ગ્રાહકે/ખાતાધારકે ભોગવવાના રહેશે), અથવા સેવાઓનો લાભ લેવા માટે સમયાંતરે સંમત થયેલા અને એક્સિસ બેંક યોગ્ય ગણે તે મુજબ વેબસાઇટ અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા ગ્રાહકને જાણ કરવામાં આવ્યા હોય તે દરો/શુલ્ક વહન કરવા માટે સંમત થાય છે. એક્સિસ બેંક ગ્રાહકના ખાતામાંથી આવા શુલ્ક

ડેબિટ કરવા માટે અધિકૃત છે.

- બેંક અહીં નીચે મુજબ સંમત થાય છે અને બાંયધરી આપે છે:

(i) બેંક દ્વારા બનાવવામાં આવેલ બિલમાં (જો કોઈ હોય તો), જો ગ્રાહક દ્વારા પ્રદાન કરવામાં આવેલ હોય તો, ગ્રાહકનો જીએસટીઆઇએન જણાવવાનો રહેશે;

(ii) ગ્રાહકને આપવામાં આવેલ સપ્લાય માટે બેંક દ્વારા નિર્ધારિત ફોર્મમાં જીએસટીએન સામાન્ય પોર્ટલ પર બિલની વિગતો (જો કોઈ હોય તો) અપલોડ કરવામાં આવશે; તથા ગ્રાહકને કરવામાં આવેલ સપ્લાય પર લાગુ પડતો જીએસટી બેંક દ્વારા ચૂકવવામાં આવશે અને વૈધાનિક સમય મર્યાદાની અંદર જીએસટી કાયદા હેઠળ નિર્ધારિત જીએસટી રિટર્ન દાખલ કરવામાં આવશે.

**મેઇલ કરવાનું સરનામું**

બેંક દ્વારા કોઈપણ સૂચનાઓના તમામ પત્રવ્યવહાર/ડિલિવરી અથવા તેમના સંદેશાવ્યવહાર માત્ર બેંક સાથે રજિસ્ટર્ડ સામાન્ય પોસ્ટલ સરનામાં અને/અથવા ઇ-મેઇલ ઍડ્રેસ પર જ કરવામાં આવશે. બેંક તેની પ્રાપ્તિ ન થવા બદલ કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. જો નીઓ ફોર બિઝનેસ ખાતાના સમયે ગ્રાહકનું ઇ-મેઇલ ઍડ્રેસ બેંક સાથે રજિસ્ટર્ડ ન હોય, તો ગ્રાહક નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મ પર તેમનું ઇ-મેઇલ ઍડ્રેસ અપડેટ કરી શકે છે, અને તેનો ઉપયોગ નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મ પરથી કોઈપણ સંદેશાવ્યવહાર મોકલવા માટે કરવામાં આવશે.

**ઇન્ટરનેટ બેંકિંગ પર ઉપલબ્ધ સેવાઓ**

ઇન્ટરનેટ બેંકિંગ યૂઝરને કેટલીક મૂળભૂત સુવિધાઓ સાથે આપવામાં આવશે, જેમાં સેકન્ડ ફેક્ટર ઑથેન્ટિકેશન *) જરૂરી નથી, જે પરિશિષ્ટ I માં વિગતવાર વર્ણવેલ છે. ઇન્ટરનેટ બેંકિંગની તમામ સુવિધાઓ મેળવવા માટે, યૂઝર દ્વારા ઇન્ટરનેટ બેંકિંગમાં લૉગ-ઇન કરીને નેટસિક્યોર (સેકન્ડ ફેક્ટર ઑથેન્ટિકેશન) માટે ઑનલાઇન રજિસ્ટર કરાવવાનું રહેશે. નેટસિક્યોર* સાથે અને તેના વિના ઉપલબ્ધ સુવિધાઓની વિગતો પરિશિષ્ટ I માં આપવામાં આવેલ છે.

*જ્યારે બેંક દ્વારા રજૂ કરવામાં આવે

**બેંકને ઑથૉરિટી**

- યૂઝરના યૂઝર આઇડી અને પાસવર્ડના પ્રમાણીકરણ પછી જ યૂઝરના ખાતામાં એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ટ્રાન્ઝૅક્શનની પરવાનગી છે. યૂઝર (સંયુક્ત ખાતાધારક સાથે, જો કોઈ હોય) એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ મારફત તેમના દ્વારા કરવામાં આવેલ બેંકિંગ ટ્રાન્ઝૅક્શન પૂર્ણ કરવા માટે બેંકને સ્પષ્ટ ઑથૉરિટી આપે છે. એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ મારફત યૂઝર પાસેથી પ્રાપ્ત થયેલ અથવા યૂઝર-આઇડી અને પાસવર્ડની ચકાસણીના માધ્યમો સિવાય એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગના માધ્યમથી યૂઝર દ્વારા મોકલવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝૅક્શનની અધિકૃતતા ચકાસવા માટેની કોઈ જવાબદારી બેંક પર રહેશે નહીં. એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધાનો ગેરકાયદેસર અથવા અયોગ્ય ઉપયોગ યૂઝરને બેંક દ્વારા નિર્ધારિત નાણાંકીય શુલ્કની ચુકવણી માટે જવાબદાર બનાવશે અથવા તેના પરિણામે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ મારફત કામગીરી સ્થગિત કરવામાં આવશે.
- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગના સંચાલન સમયે યૂઝર દ્વારા પ્રદર્શિત કે પ્રિન્ટ થયેલ આઉટપુટ માત્ર ઇન્ટરનેટની કામગીરીનો રેકોર્ડ છે અને તેને સંબંધિત ટ્રાન્ઝૅક્શનના બેંકના રેકોર્ડ તરીકે ગણવામાં આવશે નહીં. કમ્પ્યુટર સિસ્ટમ દ્વારા અથવા અન્યથા જાળવવામાં આવેલા ટ્રાન્ઝૅક્શનનો બેંકનો પોતાનો રેકોર્ડ, તમામ હેતુઓ માટે નિર્ણાયક અને બંધનકર્તા તરીકે સ્વીકારવામાં આવશે, સિવાય કે યૂઝર દ્વારા તેમના ખાતામાં ઍક્સેસની તારીખથી અથવા યૂઝરને સામયિક સ્ટેટમેન્ટ મોકલવાની તારીખથી, જે પણ વહેલી હોય, તે તારીખથી એક અઠવાડિયાની અંદર કોઈપણ વિસંગતતા દર્શાવવામાં આવે.

**માહિતીની ચોકસાઈ**

- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગના ઉપયોગ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક મેઇલ અથવા લેખિત સંદેશાવ્યવહાર જેવા અન્ય કોઈપણ માધ્યમો દ્વારા બેંકને પ્રદાન કરેલી માહિતીની ચોકસાઈ માટે યૂઝર જવાબદાર છે. યૂઝર દ્વારા પૂરી પાડવામાં આવેલી ભૂલભરેલી માહિતીથી ઉદ્ભવતા પરિણામો માટે બેંક કોઈ જવાબદારી સ્વીકારતી નથી. યૂઝર

દ્વારા સમયાંતરે સ્ટેટમેન્ટની ચોકસાઈ તપાસવામાં આવશે અને કોઈપણ વિસંગતિઓ થઈ હોય તો તેના વિશે બેંકને સૂચિત કરવામાં આવશે.

- સ્ટેટમેન્ટના તમામ આઉટપુટ ખાતાના ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ છે અને તે ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા તૈયાર કરવામાં આવશે અને તેમાં શામેલ માહિતી બેંક દ્વારા જાળવવામાં આવેલી કમ્પ્યુટરાઇઝ્ડ બૅકઅપ સિસ્ટમમાંથી કાઢવામાં આવશે. સ્ટેટમેન્ટની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે બેંક તમામ વાજબી પગલાં લેશે, તેમ છતાં કોઈપણ ભૂલ માટે બેંક જવાબદાર રહેશે નહીં. જો ઉપરોક્ત આઉટપુટમાં સમાવિષ્ટ માહિતી અચોક્કસ/ખોટી હોવાનું જણાય, તો તેને કારણે યૂઝરને ભોગવવા/વહન કરવા પડતા કોઈપણ ખોટ, નુકસાન વગેરે સામે યૂઝર બેંકને હાનિરહિત રાખશે.

**યૂઝરની જવાબદારી**

જો યૂઝર દ્વારા શરતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય અથવા નીચે આપેલ બેદરકારીભર્યા કાર્યો દ્વારા નુકસાન માટે કોઈપણ રીતે યોગદાન આપ્યું હોય અથવા નુકસાન પહોંચાડ્યું હોય, તો તેઓ એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતામાં અનધિકૃત ટ્રાન્ઝૅક્શનથી થતા કોઈપણ નુકસાન માટે એકલપંડે જવાબદાર રહેશે:

- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ પાસવર્ડનો લેખિત અથવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડ રાખવો
- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ પાસવર્ડ કોઈને પણ, જેમાં કોઈ સગીર, બેંક સ્ટાફ વગેરે સમાવિષ્ટ હોય, તેમને જાહેર કરવો અથવા તેના જાહેર થવાને રોકવા માટે તમામ વાજબી પગલાં લેવામાં નિષ્ફળ થવું અને/અથવા આવી જાહેરાત વિશે વાજબી સમયગાળામાં બેંકને જાણ કરવામાં નિષ્ફળ થવું.
- એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતામાં અનધિકૃત ઍક્સેસ અથવા ખોટા ટ્રાન્ઝૅક્શન વિશે એક વાજબી સમયમર્યાદામાં બેંકને માહિતી ન આપવી.
- કુદરતી આફતો, પૂર, આગ અને કોઈપણ પ્રકારની અન્ય કુદરતી આફતો, કાનૂની નિયંત્રણો, ટેલિકમ્યુનિકેશન નેટવર્ક અથવા ઇન્ટરનેટમાં ખામી અથવા નેટવર્કની નિષ્ફળતા, પાવર બ્રેકડાઉન અથવા યૂપીએસ બ્રેકડાઉન, સૉફ્ટવેર અથવા હાર્ડવેરમાં નિષ્ફળતા અને/અથવા ત્રુટિ અથવા બેંકના વાજબી નિયંત્રણની બહારના કોઈપણ અન્ય કારણ સહિત પરંતુ તે સુધી જ મર્યાદિત ન રહેતા, અન્ય કારણોને લીધે જો એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગનો ઍક્સેસ ઈચ્છિત રીતે ઉપલબ્ધ ન હોય, તો યૂઝર દ્વારા બેંકને કોઈપણ સંજોગોમાં જવાબદાર ઠેરવવામાં આવશે નહીં. યૂઝર સિવાયના અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ખાતાના હૅકિંગ, જે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત 'સાઇબર સંબંધિત ગુના' ની વ્યાખ્યામાં બંધબેસે છે, તેને કારણે થતા કોઈપણ નુકસાન અથવા ક્ષતિ માટે બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. બેંક કોઈપણ સંજોગોમાં કોઈપણ નુકસાન માટે જવાબદાર રહેશે નહીં, પછી ભલે આવા નુકસાન પ્રત્યક્ષ, પરોક્ષ, આકસ્મિક, પરિણામી હોય અને કોઈપણ દાવા આવક, રોકાણ, પ્રૉડક્ટ, સદ્ભાવના, નફાના નુકસાન, બિઝનેસમાં વિક્ષેપ અથવા કોઈપણ જાતના કે પ્રકારના કોઈપણ અન્ય નુકસાન પર આધારિત હોય અને તે યૂઝર કે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા વહન કરવામાં આવેલ હોય તે ધ્યાનમાં લીધા વિના હોય.
- ટ્રાન્ઝૅક્શનની પ્રક્રિયા દરમિયાન, સેવા પ્રદાતાઓ દ્વારા એક્સિસ બેંકને મોકલવામાં આવેલ તમામ ઇલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર, આદેશો અથવા સંદેશાઓ, જો તે સેવા પ્રદાતાઓની પ્રક્રિયા પદ્ધતિ અને કોઈપણ લાગુ કાયદાઓ અને આરબીઆઇની માર્ગદર્શિકાના અનુપાલનમાં હશે, તો એક્સિસ બેંક દ્વારા તેનો આધાર લેવામાં આવી શકે છે. એક્સિસ બેંક સંદેશાવ્યવહાર મોકલનારની ઓળખ, અથવા કોઈપણ સંદેશાવ્યવહાર, આદેશો અથવા સંદેશાની અખંડિતતા ચકાસવા અથવા વધુ પૂછપરછ કરવા માટે બંધાયેલી રહેશે નહીં.
- એક્સિસ બેંક સેવાઓનો ઍક્સેસ અને ઉપલબ્ધતા અવિરતપણે અને ક્ષતિ રહિત રહે તે સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરશે. જોકે, સમારકામ, જાળવણી માટે અથવા નવી સુવિધાઓ અને સેવાઓ શરૂ કરવા માટે એપ્લિકેશનનો ઍક્સેસ પ્રસંગોપાત સ્થગિત કે પ્રતિબંધિત કરી શકાય છે અને આવા કિસ્સાઓમાં એક્સિસ બેંક કોઈપણ સેવાઓના કોઈપણ વિક્ષેપ માટે જવાબદાર રહેશે નહીં. અમે સૉફ્ટવેર અપડેટનો સમય અને કન્ટેન્ટ, જે કોઈપણ સમયે યૂઝરને પૂર્વ સૂચના આપ્યા વિના એપ્લિકેશન દ્વારા ઑટોમેટિક રીતે ડાઉનલોડ અને ઇન્સ્ટૉલ કરી શકાય છે, તે નિર્ધારિત કરવાનો અધિકાર અનામત રાખીએ છીએ.

## વૉરંટીનું અસ્વીકરણ

અહીં અને નિયમો અને શરતોમાં આપેલ બાંયધરી સિવાય, એક્સિસ બેંક અહીં પૂરી પાડવામાં આવતી સેવાઓના સંદર્ભમાં અન્ય કોઈ સ્પષ્ટ અથવા ગર્ભિત વૉરંટી આપતી નથી, અને આથી સ્પષ્ટ કે ગર્ભિત કે કાયદેસર એવી કોઈપણ પ્રકારની તમામ વૉરંટીનો સ્પષ્ટપણે અસ્વીકાર કરે છે, જેમાં એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સિસ્ટમ/સેવાઓની અવિરત, ક્ષતિરહિત, સમયસર અથવા સુરક્ષિત કામગીરી, ટાઇટલ, સંતોષકારક ગુણવત્તા, મર્ચન્ટેબિલિટી, ચોક્કસ હેતુ માટે યોગ્યતા, ડેટાની ચોકસાઈ અને સંપૂર્ણતાની ગર્ભિત વૉરંટી અને ઇન્ટરનેટ બેંકિંગની પ્રક્રિયામાં ઉલ્લંઘન ન થવા સંબંધિત અથવા એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને મોકલવામાં આવતી માહિતી વાઇરસ મુક્ત હોવા અંગેની વૉરંટીનો સમાવેશ થાય છે પરંતુ માત્ર તે સુધી જ મર્યાદિત નથી.

સેવાઓ ઉપલબ્ધતા અનુસાર અને જેવી ઉપલબ્ધ હશે તેવી જ પ્રદાન કરવામાં આવે છે. એક્સિસ બેંક સ્પષ્ટપણે કોઈપણ પ્રકારની તમામ વૉરંટીઓનો અસ્વીકાર કરે છે, પછી ભલે તે સ્પષ્ટ કે ગર્ભિત હોય, જેમાં મર્ચન્ટેબિલિટી અને ચોક્કસ હેતુ માટે યોગ્યતાની ગર્ભિત વૉરંટીનો સમાવેશ થાય છે, પરંતુ તેના સુધી જ મર્યાદિત નથી. સેવાઓ અવિરત, સમયસર, સુરક્ષિત અથવા ભૂલ-મુક્ત રહે તે અંગે એક્સિસ બેંક દ્વારા કોઈ વૉરંટી આપવામાં આવતી નથી. યૂઝર દ્વારા વેબસાઇટ અને સેવાઓના ઍક્સેસ અને ઉપયોગ સાથે સંકળાયેલ તમામ જોખમ, કાયદા દ્વારા મંજૂર કરવામાં આવેલ મહત્તમ મર્યાદા જેટલું યૂઝરનું રહે છે. દરેક સેવાઓ પર જવાબદારીની અલગ મર્યાદા લાગુ પડશે.

## ક્ષતિપૂર્તિ

એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા પૂરી પાડવાના પરિણામે અથવા તેમ કરવાથી ઉદ્ભવતા કારણોસર અથવા બેંક દ્વારા સદ્ભાવનાથી યૂઝર દ્વારા આપવામાં આવેલી કોઈપણ સૂચના લેવા અથવા લેવાનો ઇનકાર કરવા અથવા તેના પર કાર્યવાહી કરવાનું ટાળવાને કારણે બેંક દ્વારા કરવામાં, સહન કરવામાં, ભોગવવામાં અથવા લેવામાં આવતા તમામ પગલાં, દાવાઓ, માંગણીઓ, કાર્યવાહીઓ, નુકસાન, ક્ષતિ, લાગત, શુલ્ક અને ખર્ચાઓ સામે યૂઝર બેંકને નુકસાન ભરપાઈ કરશે અને તેને હાનિરહિત રાખશે.

ગ્રાહક સંમત થાય છે કે એક્સિસ બેંક, તેના અધિકારીઓ, નિર્દેશકો, એજન્ટો, વિક્રેતાઓ, ભાગીદારો, સહયોગીઓ, કર્મચારીઓ અને પ્રતિનિધિઓને, તમામ પગલાં, દાવાઓ, માંગણીઓ, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, કિંમત, શુલ્ક અને ખર્ચ, જે એક્સિસ બેંકને કોઈપણ સમયે થઈ શકે છે, ઉઠાવવો પડી શકે છે, ભોગવવો પડી શકે છે, અથવા એક્સિસ બેંકને કોઈપણ સેવા પૂરી પાડવાના પરિણામે, અથવા તેના કારણે, અથવા તેનાથી ઉદ્ભવવાને કારણે, અથવા ગ્રાહકની કોઈપણ બેદરકારી/ભૂલ/ગેરવર્તણૂકને કારણે, અથવા ગ્રાહક દ્વારા અહીં નિર્ધારિત કોઈપણ નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરવાને અથવા પાલન ન કરવાને કારણે, જેમાં કોઈપણ સેવાઓ સંબંધિત લાગુ કાયદા અને કાનૂની માર્ગદર્શિકાનો સમાવેશ થાય છે અથવા એક્સિસ બેંક દ્વારા સદ્ભાવનાથી ગ્રાહકે આપેલી કોઈપણ સૂચનાને લેવામાં આવે અથવા તેના પર કાર્યવાહી કરવાનો ઇનકાર કરવાને કારણે થયો હોય, તેની સામે ગ્રાહક દ્વારા એક્સિસ બેંકને હાનિરહિત રાખવામાં આવશે અને ક્ષતિપૂર્તિ કરવામાં આવશે.

ગ્રાહક સંમત થાય છે કે એક્સિસ બેંક, તેના અધિકારીઓ, નિર્દેશકો, એજન્ટો, વિક્રેતાઓ, ભાગીદારો, સહયોગીઓ, કર્મચારીઓ અને પ્રતિનિધિઓને, એક્સિસ બેંક સામે, ગ્રાહક દ્વારા કરવામાં આવેલ કોઈપણ કાર્ય અથવા અવગણનાને કારણે, કોઈપણ સરકારી સંસ્થા, નિયમનકારી ઑથૉરિટી અથવા થર્ડ-પાર્ટી દ્વારા લેવાયેલા કોઈપણ પગલાંને પરિણામે, અથવા કારણે, અથવા અથવા તેનાથી ઉદ્ભવતા તમામ પગલાં, દાવાઓ, માંગણીઓ, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, કિંમત, શુલ્ક અને ખર્ચ, જે એક્સિસ બેંકને કોઈપણ સમયે થઈ શકે છે, ઉઠાવવા પડી શકે છે, ભોગવવા પડી શકે છે, અથવા વહન કરવા પડી શકે છે, તેની સામે ગ્રાહક દ્વારા એક્સિસ બેંકને હાનિરહિત રાખવામાં આવશે અને ક્ષતિપૂર્તિ કરવામાં આવશે.

## ઇન્ટરનેટ બેંકિંગ રેકોર્ડ અને ટ્રાન્ઝૅક્શનની શરતો

- ગ્રાહક દ્વારા ચકાસણી માટે એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને ઑનલાઇન / ઑફલાઇન માધ્યમથી ખાતા સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે. ગ્રાહક દ્વારા એક્સિસ બેંકને ટ્રાન્ઝૅક્શનની તારીખથી 7 (સાત) દિવસની અંદર કોઈપણ વિસંગતતાની જાણ કરવાની રહેશે. ગ્રાહક સંમત થાય છે કે જો તેમના દ્વારા ઉપરોક્ત સમયગાળાની અંદર વિસંગતિની જાણ કરવામાં ના આવે તો તેઓ સૂચનાના અમલીકરણની ચોકસાઈ અથવા તેમના ખાતામાં ડેબિટ થયેલી રકમ અંગે વિવાદ કરવાના હકદાર રહેશે નહીં.
- સૂચનાઓના અમલને કારણે થતા ટ્રાન્ઝૅક્શન દ્વારા ઉદ્ભવતા એક્સિસ બેંકના, ટ્રાન્ઝૅક્શન રેકોર્ડ કરવામાં આવ્યો તે સમય સહિતના તમામ રેકોર્ડ, એક્સિસ બેંકને સૂચનાઓ મળી હોવાનો, સૂચનાની ચોકસાઈનો અને તેના પરિણામે

થયેલા ટ્રાન્ઝૅક્શનનો નિર્ણાયક પુરાવો માનવામાં આવશે

- ગ્રાહક કોઈપણ કાનૂની કાર્યવાહીમાં પુરાવા તરીકે એક્સિસ બેંકના રેકોર્ડને દાખલ કરવા સામે વાંધો નહીં ઉઠાવવા માટે સંમત થાય છે કારણ કે આવા રેકોર્ડ અસલ નથી હોતા, લેખિતમાં નથી હોતા અથવા કમ્પ્યુટર દ્વારા રજૂ કરેલા દસ્તાવેજો છે.
- એક્સિસ બેંકને ગ્રાહક પાસેથી મળેલી તમામ માહિતીનો ઉપયોગ કોઈપણ સક્ષમ અદાલત અથવા ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક ઑથૉરિટી અથવા ટ્રિબ્યુનલ અથવા અન્ય કોઈ વૈધાનિક અથવા સરકારી ઑથૉરિટી સમક્ષ ગ્રાહક વિરુદ્ધ પુરાવા તરીકે કરવાની પરવાનગી છે.
- ટ્રેડ પોર્ટલ સેવાઓમાં ટ્રાન્ઝૅક્શન શરૂ થયાની તારીખથી બે કાર્યકારી દિવસોમાં ગ્રાહક દ્વારા લાગુ પડતા સ્ટેમ્પિંગ (જ્યાં લાગુ પડે ત્યાં) સાથેના તમામ મૂળ દસ્તાવેજો સંબંધિત શાખામાં સબમિટ કરવાના રહેશે.

**વ્યક્તિગત માહિતીનો ખુલાસો**

યૂઝર સંમત થાય છે કે બેંક અથવા તેના કોન્ટ્રાક્ટર એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓ તેમજ આંકડાકીય વિશ્લેષણ અને ક્રેડિટ સ્કોરિંગના સંબંધમાં તેમની વ્યક્તિગત માહિતી કમ્પ્યુટર પર અથવા અન્યથા રાખી શકે છે અને તેના પર પ્રક્રિયા કરી શકે છે. યૂઝર એ પણ સંમત થાય છે કે બેંક, સંપૂર્ણ ગોપનીયતા સાથે, અન્ય સંસ્થાઓને, નીચેના કારણો સહિત, પરંતુ તેના સુધી જ મર્યાદિત ના રહેતા, અન્ય કારણોસર વાજબી રીતે જરૂરી હોય તેવી વ્યક્તિગત માહિતી જાહેર કરી શકે છે:

  - કોઈપણ ટેલિકમ્યુનિકેશન અથવા ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ નેટવર્કમાં સહભાગી થવા માટે.
  - કાનૂની નિર્દેશના અનુપાલનમાં.
  - માન્ય ક્રેડિટ રેટિંગ / સ્કોરિંગ એજન્સીઓ દ્વારા ક્રેડિટ રેટિંગ માટે.
  - છેતરપિંડી અટકાવવાના હેતુઓ માટે.

ગ્રાહક આથી એક્સિસ બેંક દ્વારા ગ્રાહકની ખાનગી માહિતીનો ઉપયોગ કરવા માટે અને એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને સેવાઓની જોગવાઈના સંદર્ભમાં ખાનગી ઉપયોગ માટે, શાખાઓ, પેટાકંપનીઓ, પ્રતિનિધિ કચેરીઓ, સહયોગીઓ, ઓડિટર, વિક્રેતાઓ, ભાગીદારો અને એજન્ટો જ્યાં પણ સ્થિત હોય ત્યાં તેમને ગ્રાહક સંબંધિત કોઈપણ માહિતીના ટ્રાન્સફર માટે એક્સિસ બેંકને અધિકૃત કરે છે, અને વધુમાં સ્વીકારે છે કે આવી કોઈપણ શાખા, પેટાકંપની, પ્રતિનિધિ કચેરી, સહયોગી, વિક્રેતા, ભાગીદાર અથવા એજન્ટ કોઈપણ કાયદા, કોર્ટ, નિયમનકારી અથવા કાનૂની પ્રક્રિયા દ્વારા જરૂરી કોઈપણ માહિતી ટ્રાન્સફર કરવા માટે હકદાર રહેશે.

ગ્રાહક આથી જરૂર મુજબ WhatsApp સંદેશાઓની આપ-લે કરવા માટે પણ અધિકૃત કરે છે. એક્સિસ બેંક પુષ્ટિ કરે છે કે એક્સિસ બેંકને બિલ પર ગ્રાહકનો ઇમેઇલ આઇડી / ફોન નંબર છાપવાની મંજૂરી આપવા માટે ગ્રાહકો પાસેથી જરૂરી સંમતિ લેવામાં આવશે. એક્સિસ બેંકના રેકોર્ડમાં સબમિટ કરાયેલ કોઈપણ આવા ઇમેઇલ આઇડી / ફોન નંબરને વ્યાવસાયિક સંપર્ક વિગતો માનવામાં આવશે, તથા ગ્રાહક અહીં સ્પષ્ટ સંમતિ આપે છે કે એક્સિસ બેંક દ્વારા બિલ / ક્વોટેશન / ક્રેડિટ નોટ વગેરે પર તેનો ઉલ્લેખ કરવા સામે ગ્રાહકને કોઈ વાંધો નથી તથા તેને એક્સિસ બેંક પોતાના ગ્રાહકોને એક્સિસ નીઓ ફોર બિઝનેસ પ્લેટફોર્મ પરથી મોકલશે.

**બેંકનો પૂર્વાધિકાર**

એક્સિસ બેંકમાં ક્લાયન્ટની ડિપોઝિટ, ફંડ અથવા અન્ય મિલકત, પછી તે એક જ વ્યક્તિના નામે હોય કે કોઈપણ વ્યક્તિ(ઓ) સાથે સંયુક્ત રીતે હોય, તેના પર સુવિધાના પરિણામે અથવા તેના સંબંધમાં ચૂકવવાપાત્ર તમામ બાકી રકમ જેટલો બેંકરનો પૂર્વાધિકાર અને સેટ-ઑફનો અધિકાર એક્સિસ બેંક પાસે રહેશે.

**માલિકીના અધિકારો**

- યૂઝર સ્વીકારે છે કે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સેવા હેઠળનું સૉફ્ટવેર તેમજ એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગને ઍક્સેસ કરવા માટે જરૂરી અન્ય ઇન્ટરનેટ સંબંધિત સૉફ્ટવેર સંબંધિત વિક્રેતાઓની કાનૂની સંપત્તિ છે. એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગને ઍક્સેસ કરવા માટે બેંક દ્વારા આપવામાં આવેલી પરવાનગી ઉપરોક્ત સૉફ્ટવેરમાં કોઈપણ માલિકી અથવા માલિકીના અધિકારો પ્રદાન કરશે નહીં. યૂઝર કોઈપણ રીતે ઉક્ત પ્રોગ્રામ સાથે ફેરફાર / છેડછાડ અથવા પ્રયોગ કરવાનો પ્રયત્ન કરશે નહીં. યૂઝર તરફથી કોઈપણ ઉલ્લંઘન

માટે યોગ્ય કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને યૂઝર બેંકને વહન કરવા પડી શકે તેવા નુકસાન માટે જવાબદાર રહેશે.

- યૂઝર એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ હેઠળના સૉફ્ટવેરમાં ફેરફાર, અનુવાદ, ડિસએસેમ્બલ, ડિકમ્પાઇલ અથવા રિવર્સ એન્જિનિયર કરવાનો અથવા આ સૉફ્ટવેરના આધારે કોઈપણ ડેરિવેટિવ પ્રૉડક્ટ બનાવવાનો પ્રયત્ન કરશે નહીં.
- એક્સિસ બેંક પ્લેટફોર્મ અને સેવાઓમાંના તમામ કૉપીરાઇટ, પેટન્ટ, વેપારના રહસ્યો, ટ્રેડમાર્ક, સેવા ચિન્હો, વેપારના નામો, નૈતિક અધિકારો અને અન્ય બૌદ્ધિક સંપદા અને માલિકી અધિકારો ("આઇપીઆર"), લાગુ પડતું હોય તેમ, એક્સિસ બેંક અને તેના લાઇસન્સ ધારકોની સંપૂર્ણપણે અને વિશિષ્ટ મિલકત રહેશે. એક્સિસ બેંકની પૂર્વ લેખિત સંમતિ વિના આઇપીઆરની નકલ, તેને પુન:ઉત્પાદિત, વિતરિત, તેનો સંચાર, પ્રસાર, પ્રદર્શન, વેચાણ, લાઇસન્સ, અપલોડ અથવા અન્યથા ઉપયોગ કરી શકાશે નહીં.

**નિયમો અને શરતોમાં ફેરફાર**

બેંક પાસે કોઈપણ સમયે કોઈપણ શરતોમાં સુધારો અથવા પૂરક કરવાનો સંપૂર્ણ વિવેકાધિકાર છે, બેંક સમયાંતરે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગમાં નવી સેવાઓ રજૂ કરી શકે છે. નવી સુવિધાઓ ઉપલબ્ધ થતાંની સાથે જ યૂઝરને તેના અસ્તિત્વ અને ઉપલબ્ધતાની જાણ કરવામાં આવશે. આ નવી સેવાઓનો ઉપયોગ કરીને, યૂઝર www.axisbank.com વેબસાઇટ પર સમયાંતરે લાગુ પડતા તથા નિર્ધારિત નિયમો અને શરતોથી બંધાયેલા રહેવા માટે સંમત થાય છે, આ નિયમો અને શરતોમાં અન્યત્ર કોઈપણ માહિતી હોવાની સ્થિતિમાં પણ, જ્યાં એક્સિસ બેંક દ્વારા સેવાઓમાં અપગ્રેડ અથવા ફેરફાર કરવાનો અથવા ગ્રાહકોને નવી સેવાઓ પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવે છે, ત્યાં આવા અપગ્રેડ, ફેરફારો અને નવી સેવાઓ એક્સિસ બેંક દ્વારા નિર્ધારિત નિયમો અને શરતોને આધીન રહેશે, અને જો આવા સુધારાની જરૂર હોય તો એક્સિસ બેંક દ્વારા કોઈપણ સમયે આ નિયમો અને શરતોમાં સુધારો કે ઉમેરો કરવામાં આવી શકે છે, જે ગ્રાહક માટે બંધનકર્તા રહેશે. એક્સિસ બેંક આવા ફેરફારો વિશે ગ્રાહકને જાણ કરવાનો પ્રયત્ન કરશે. આ નિયમો અને શરતોમાં કોઈપણ ફેરફાર ગ્રાહકો માટે વેબસાઇટ/સાઇટ પર અપડેટ/અપલોડ કરવામાં આવશે, તથા ગ્રાહકોને તે અંગે સૂચિત કર્યા હોવાનું માનવામાં આવશે.

**નૉન-ટ્રાન્સફરેબિલિટી**

ગ્રાહકને આપવામાં આવતી સેવાઓ કોઈપણ સંજોગોમાં ટ્રાન્સફર કરી શકાતી  નથી અને તેનો ઉપયોગ માત્ર ગ્રાહક દ્વારા જ કરવામાં આવશે. ગ્રાહક સેવાઓ અથવા તેના કોઈપણ ભાગને લગતા તેમના અધિકારો અને/અથવા જવાબદારીઓ અન્ય કોઈ વ્યક્તિને સોંપશે નહીં. એક્સિસ બેંક સેવાઓના સંબંધમાં પોતાની કોઈપણ જવાબદારીઓ પૂર્ણ કરવા માટે એજન્ટોને પેટા કરાર કરીને તેમને નિયુક્ત કરી શકે છે.

**નોટિસ**

**બેંક અને યૂઝર આ નિયમો અને શરતો હેઠળ નોટિસ આપી શકે છે:**

- કોઈપણ પક્ષના મેઇલબૉક્સમાં ઇલેક્ટ્રોનિક રીતે. આવી નોટિસને લેખિતમાં હોવાનું માનવામાં આવશે.
- લેખિતમાં તેમને હાથોહાથ આપીને અથવા યૂઝર દ્વારા આપેલ છેવટના સરનામાં પર ટપાલ દ્વારા મોકલીને અને બેંકના કિસ્સામાં નીચે જણાવેલ સરનામાં પર મોકલવામાં આવશે:એક્સિસ બેંક લિમિટેડ, 'એક્સિસ હાઉસ', સી-2, વાડિયા ઇન્ટરનેશનલ સેન્ટર, પાંડુરંગ બુધકર માર્ગ, વરલી, મુંબઈ – 400 025 વધુમાં, બેંક સામાન્ય પ્રકૃતિની નોટિસ પણ પ્રકાશિત કરી શકે છે, જે તેની વેબસાઇટ પર એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગના તમામ યૂઝરને લાગુ પડે છે. આવી નોટિસનો પ્રભાવ દરેક યૂઝરને વ્યક્તિગત રીતે આપવામાં આવેલી નોટિસ અને અથવા પ્રિન્ટ મીડિયામાં અખબારમાં પ્રકાશિત નોટિસ સમાન જ હશે.

**નિયમનકારી કાયદો**

- યૂઝર બેંકને ઓછામાં ઓછા 15 દિવસની લેખિત સૂચના આપીને કોઈપણ સમયે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા સમાપ્ત કરવાની વિનંતી કરી શકે છે. એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા આમ રદ થાય તે સમય પહેલાં, યૂઝર એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ મારફત તેમના એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતા(ઓ) પર કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝૅક્શન માટે જવાબદાર રહેશે.

- યૂઝર અને બેંક વચ્ચે ઉદ્ભવતા કોઈપણ વિવાદ અથવા તફાવતને પારસ્પરિક પરામર્શ / ચર્ચા દ્વારા સેટલ કરવામાં આવશે, જેમાં નિષ્ફળ થવા પર, તે આર્બિટ્રેશનને મોકલવામાં આવશે. આર્બિટ્રેશનની કાર્યવાહી ભારતીય આર્બિટ્રેશન અને સમાધાન અધિનિયમ, 1998 મુજબ સંચાલિત અને હાથ ધરવામાં આવશે તેમજ આર્બિટ્રેશનની કાર્યવાહી મુંબઈમાં થશે.

- બેંક ભારતીય ગણરાજ્ય સિવાયના અન્ય કોઈપણ દેશના કાયદાનું પાલન ન કરવા અથવા ઉલ્લંઘન કરવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈ જવાબદારી સ્વીકારતી નથી. હકીકતની બાબત તો એ છે કે ભારત સિવાયના અન્ય દેશમાં યૂઝર દ્વારા ઇન્ટરનેટ મારફત એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સેવાને ઍક્સેસ કરી શકાય છે તેનો અર્થ એ નથી કે તે દેશના કાયદાઓ આ નિયમો અને શરતો અને/અથવા યૂઝરના એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતામાં કામગીરી અને/અથવા એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગના ઉપયોગને નિયંત્રિત કરશે. ભારત સિવાયના કોઈપણ સ્થળેથી કોઈ વ્યક્તિ દ્વારા એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધાનો ઉપયોગ પરિસ્થિતિમાં ફેરફાર કરશે નહીં અને ઉક્ત યૂઝર દ્વારા પોતાને ભારતીય ગણરાજ્યના કાયદાને આધિન કર્યા હોવાનું માનવામાં આવશે

- આ નિયમો અને શરતો અને સેવાઓનું નિર્માણ, માન્યતા અને કામગીરી તમામ બાબતોનું સંચાલન ભારતના કાયદા દ્વારા થશે. પક્ષકારો આથી મુંબઈની અદાલતોના બિન-વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે. એક્સિસ બેંકની ગ્રાહક ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓમાં લૉગ-ઇન કરીને અથવા અન્યથા ઍક્સેસ કરીને અથવા તેનો ઉપયોગ કરીને ગ્રાહકે ઉપરોક્ત નિયમો અને શરતોની માહિતીની જાણકારી અને સ્વીકૃતિ દર્શાવવાની રહેશે. જો ગ્રાહક ઉપરોક્ત કોઈપણ નિયમો અથવા શરતો સાથે સંમત ન હોય, તો વેબસાઇટ પર લૉગ-ઇન કરીને કે અન્ય કોઈપણ રીતે, ગ્રાહકે એક્સિસ બેંકની ગ્રાહક ઇન્ટરનેટ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવો જોઈએ નહીં અથવા તેનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં.

**એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધાની સમાપ્તિ**

- યૂઝર બેંકને ઓછામાં ઓછા 15 દિવસની લેખિત સૂચના આપીને કોઈપણ સમયે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા સમાપ્ત કરવાની વિનંતી કરી શકે છે. એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા આમ રદ થાય તે સમય પહેલાં, યૂઝર એક્સિસ બેંક ઇન્ટરનેટ બેન્કિંગ મારફત તેમના એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતા(ઓ) પર કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્ઝૅક્શન માટે જવાબદાર રહેશે

    - યૂઝરે સબસ્ક્રિપ્શન આધારિત સુવિધાઓ માટે, એકવાર સબસ્ક્રાઇબ કર્યા બાદ સુવિધાને અનસબસ્ક્રાઇબ કરી શકશે નહીં અને જો યૂઝર એક્સિસ બેંકની ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા સમાપ્ત કરવા માંગતા હોય, તો પણ કોઈ રિફંડ આપવામાં આવશે નહીં. સબસ્ક્રિપ્શન સમયે કોઈ ઑટો-રિન્યુઅલ ઉપલબ્ધ નથી.

    - બેંક કોઈપણ સમયે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધા પાછી ખેંચી શકે છે, એ શરતે કે યૂઝરને પરિસ્થિતિને અનુરૂપ યોગ્ય નોટિસ આપવામાં આવી હોય

    - યૂઝર દ્વારા તમામ એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ ખાતા બંધ કરવાથી સુવિધા આપમેળે સમાપ્ત થઈ જશે

    - જો યૂઝરે આ નિયમો અને શરતોનું ઉલ્લંઘન કર્યું હોય અથવા યૂઝરના મૃત્યુ, નાદારી અથવા કાનૂની અક્ષમતા વિશે બેંકને જાણ થાય, તો બેંક પૂર્વ નોટિસ વિના એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ સુવિધાઓને સ્થગિત અથવા સમાપ્ત કરી શકે છે. આ કલમ 15 ને આધીન, એક્સિસ બેંક એવા સંજોગો સિવાય કે જ્યાં એક્સિસ બેંક દ્વારા તમામ અથવા કોઈપણ સેવાઓ ગ્રાહક દ્વારા નિયમો અને શરતોનો ભંગ કરવાના પરિણામે અથવા યૂઝરનું મૃત્યુ, નાદારી અથવા કાનૂની ક્ષમતાના અભાવ વિશે માહિતી મળવા પર બંધ કરી દેવામાં આવી હોય તે સિવાય, 30 દિવસ અગાઉ સૂચિત કરીને કોઈપણ સમયે તમામ અથવા કોઈપણ સેવાઓ બંધ કરવાનો અધિકાર અનામત રાખે છે.

    - ગ્રાહકના ખાતા બંધ કરવાથી સેવા સમાપ્ત થઈ જશે.

    - ગ્રાહક આ સંદર્ભમાં અન્ય પક્ષને 30 દિવસ અગાઉ સૂચના આપીને અહીં પ્રદાન કરેલી સેવાઓને રદ કરવા હકદાર છે.

    - આવી સમાપ્ત કરવામાં આવેલી અથવા બંધ કરવામાં આવેલી સેવાઓને કારણે થતા કોઈપણ પ્રકારના

નુકસાન, દાવાઓ, ક્ષતિ, ખર્ચ માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.

**સામાન્ય**

આ કરારમાં કલમના શીર્ષકો માત્ર સુવિધા માટે છે અને સંબંધિત કલમના અર્થને પ્રભાવિત કરતા નથી. યૂઝર આ કરારને કોઈ અન્ય વ્યક્તિને સોંપશે નહીં. બેંક આ કરાર હેઠળ પોતાની કોઈપણ જવાબદારીઓ પૂર્ણ કરવા માટે પેટા-કરાર કરી શકે છે અને એજન્ટોને નિયુક્ત કરી શકે છે.

**ટ્રાન્ઝૅક્શનની મર્યાદા**

એક્સિસ બેંક દ્વારા પોતાની વિવિધ સેવાઓ માટે સમયાંતરે મહત્તમ અને ન્યૂનતમ ટ્રાન્ઝૅક્શન મર્યાદા નિર્દિષ્ટ કરવામાં આવી શકે છે. ગ્રાહક એક્સિસ બેંક દ્વારા લાદવામાં આવેલી આવી મર્યાદાનું પાલન કરવા માટે બાધ્ય રહેશે.

**માહિતીમાં ફેરફારો**

ગ્રાહક દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીમાં થયેલા કોઈપણ ફેરફાર અંગે ગ્રાહકે, એક્સિસ બેંક દ્વારા નિર્ધારિત રીતે, ગ્રાહકના ઠરાવ સાથે એક્સિસ બેંકને જાણ કરવાની રહેશે. ગ્રાહક સમયાંતરે એક્સિસ બેંકને ગ્રાહકના ઠરાવ સાથે, આ અંગેનો પત્ર આપીને તેના યૂઝરની સૂચિમાં ફેરફાર, ઉમેરો કરી શકે છે અને/અથવા કાઢી નાંખી શકે છે. એક્સિસ બેંક દ્વારા ગ્રાહકને ફેરફારોના અમલીકરણની જાણ કરવામાં આવે તે પછી જ આવા કોઈપણ ફેરફાર અસરકારક બનશે, ત્યાં સુધી એક્સિસ બેંકમાં તે સમયે ગ્રાહકના ઉપલબ્ધ યૂઝરની સૂચિમાં નામ હોય તેવા કોઈપણ પ્રતિનિધિઓ પાસેથી મળેલી સૂચનાઓ એક્સિસ બેંક દ્વારા સ્વીકારવામાં અને તેનું પાલન કરવામાં આવશે.

**ફોર્સ મેજ્યોર**

"આ નિયમો અને શરતોમાં વિપરીત કંઈપણ હોવા છતાં, જો કોઈ કુદરતી આફત, વીજળી પડવાથી, પૂર, દુષ્કાળ, ભૂકંપ, ભૂસ્ખલન, વાવાઝોડું, ચક્રવાત, ઝંઝાવાત, વંટોળિયો, રોગચાળો/મહામારી, દુષ્કાળ, છેલ્લા 100 વર્ષના આંકડાકીય રીતે નોંધાયેલી અત્યંત પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, આગ, વિસ્ફોટ, રાસાયણિક અથવા કિરણોત્સર્ગને કારણે ફેલાયેલું દૂષણ, આયનાઇઝિંગ કિરણોત્સર્ગ, જ્વાળામુખી ફાટવો, રમખાણો અથવા નાગરિક અશાંતિ, યુદ્ધ (ઘોષિત કે અઘોષિત), જાહેર દુશ્મનાવટનું કૃત્ય, આતંકવાદી કૃત્ય, લશ્કરી કાર્યવાહી, સરકાર અથવા નિયમનકારી હુકમ/સૂચના દ્વારા જાહેર કરાયેલ લોકડાઉન, સરકાર/અન્ય સત્તાવાળાઓના અન્ય પગલાં, કોર્ટનો આદેશ, અથવા ઉદ્યોગ-વ્યાપી/ પ્રદેશ-વ્યાપી/ રાષ્ટ્રવ્યાપી હડતાલ, તાળાબંધી, શ્રમિકો દ્વારા વર્ક-ટુ-રૂલ પ્રકારે કાર્ય, ધીમી ગતિએ કાર્ય કરવું કે તેવા અન્ય કામદાર પગલાં, વીજળી પુરવઠાની અથવા અન્ય સામાન્ય ખામી, તકનીકી ખામી, આકસ્મિક અથવા યાંત્રિક અથવા ઇલેક્ટ્રિકલ ભંગાણ, કમ્પ્યુટર/નેટવર્કની નિષ્ફળતા અથવા કોઈપણ મની ટ્રાન્સમિશન અથવા ચુકવણી ગેટવે અથવા કોર બેંકિંગ સિસ્ટમની નિષ્ફળતા અથવા કોઈપણ કારણ જે બેંકના નિયંત્રણની બહાર હોય (ફોર્સ મેજ્યોર ઇવેન્ટ), તે કારણોસર જો બેંક તેની જવાબદારીઓ નિભાવી શકે નહીં તો આ નિયમો અને શરતો હેઠળ તેની કોઈપણ જવાબદારીઓનું પાલન કરવામાં નિષ્ફળતા માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં. બેંક પોતાના સંપૂર્ણ વિવેકાધિકારથી, બેંકને કોઈ વધારાના ખર્ચ અથવા જવાબદારી વિના, સેવાઓ ચાલુ રાખી શકે છે, અથવા સેવાઓ અને/અથવા આ સમજૂતીને સ્થગિત અથવા સમાપ્ત કરી શકે છે. કોઈ ફોર્સ મેજ્યોર ઇવેન્ટને કારણે બેંક દ્વારા સેવાઓ અને/અથવા આ સમજૂતીને સ્થગિત અથવા સમાપ્ત કરવામાં આવે, તો બેંક આ સમજૂતી અનુસાર પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે ઉપાર્જિત શુલ્ક, આ પ્રકારે સ્થગિત કર્યાની તારીખ અથવા સમાપ્તિની તારીખ સુધી, મેળવવા માટે હકદાર રહેશે"

**એમઆઇએસ/રિપોર્ટ**

બેંક ક્લાયન્ટને, પોતાના વિવેકાધિકારથી આ સુવિધા/સુવિધાઓ/સેવાઓ સંબંધિત ડેટા, સ્ટેટમેન્ટ અને રિપોર્ટ સહિતની માહિતી (a) ક્લાયન્ટ દ્વારા જણાવવામાં આવેલ સરનામે ઇલેક્ટ્રોનિક મેઇલ દ્વારા અથવા (b) એસએમએસ સહિતની અન્ય કોઈપણ ઇલેક્ટ્રોનિક પદ્ધતિ દ્વારા પૂરી પાડી શકે છે. ક્લાયન્ટ સ્વીકારે છે કે આવી માહિતી ગોપનીય પ્રકારની હશે અને આવા ટ્રાન્સમિશન દરમિયાન કોઈપણ વ્યક્તિ માહિતીને અટકાવી, વાંચી, સુધારી અથવા તેમાં ફેરફાર કરી શકે છે અને ઇન્ટરનેટના માધ્યમથી થતો સંદેશાવ્યવહાર સમયસર, સુરક્ષિત, ક્ષતિ રહિત કે વાઇરસથી મુક્ત હોવાની ખાતરી આપી શકાતી નથી. ઇન્ટરનેટ પર મોકલવામાં આવતી આવી માહિતીમાં કોઈપણ વિલંબ, ભૂલો અથવા ચૂક માટે બેંક જવાબદારી સ્વીકારતી નથી, અને બેંક અથવા અન્ય થર્ડ-પાર્ટીને કારણે ઉદ્ભવતા કોઈપણ પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામી નુકસાન માટે કોઈ જવાબદારી ધરાવતી નથી.

**થર્ડ-પાર્ટી લિંક**

પ્લેટફોર્મમાં થર્ડ-પાર્ટી વેબસાઇટ, એપ્લિકેશન, સેવાઓ અને સંસાધનોની લિંકનો સંદર્ભ આપવામાં આવી શકે છે અથવા તેમાં શામેલ હોઈ શકે છે પરંતુ તેનો અર્થ એ નથી કે અમે આવા માધ્યમોને સમર્થન આપી રહ્યા છીએ. યૂઝરને આ લિંક કેટલીક સેવાઓનો ઉપયોગ કરવામાં સગવડતા માટે જ આપવામાં આવે છે, કોઈપણ થર્ડ-પાર્ટી સેવાઓના કોઈપણ પાસાની ચોકસાઈ, વિશ્વસનીયતા, અસરકારકતા અથવા ખરાઈ અંગે બેંક કોઈપણ પ્રકારની રજૂઆત કરતી નથી કે વોરંટી આપતી નથી, અને તેથી, થર્ડ-પાર્ટીની સેવાઓ થકી ઉપલબ્ધ કરાવવામાં આવતી કન્ટેન્ટ, પ્રૉડક્ટ અથવા સેવાઓ માટે બેંક જવાબદાર નથી. થર્ડ-પાર્ટીની કોઈપણ સેવાઓના ઉપયોગ અંગે લાગુ પડતા નિયમો અને શરતો તેમજ ગોપનીયતા નીતિ વાંચવા અને સમજવાની જવાબદારી યૂઝરની રહેશે, અને યૂઝર તે સંપૂર્ણ જવાબદારીનો સ્વીકાર કરે છે અને થર્ડ-પાર્ટીની કોઈપણ સેવાઓના ઉપયોગથી ઉદ્ભવતા તમામ જોખમોને સ્વીકારે છે.

**સંબંધ**

તમે સમજો છો અને સંમત થાઓ છો કે આ શરતોમાં જણાવેલ કોઈપણ બાબત યૂઝર અને નીઓ ફોર બિઝનેસ વચ્ચે ભાગીદારી અથવા સંયુક્ત સાહસની રચના કરે છે તેવું માનવામાં આવશે નહીં અથવા અર્થઘટન કરવામાં આવશે નહીં, કે કોઈપણ પક્ષને અન્ય પક્ષના કરજ અને જવાબદારીઓ માટે કોઈપણ રીતે જવાબદાર માનવામાં આવશે નહીં.

**પરિશિષ્ટ 1 - ચુકવણીઓ (રજિસ્ટ્રેશનના ઉપરોક્ત નિયમો અને શરતોનું વિસ્તરણ)**

**ફંડ ટ્રાન્સફર**

યૂઝર સંબંધિત ખાતામાં પર્યાપ્ત ફંડ વિના અથવા ઓવરડ્રાફ્ટ મંજૂર કરવા માટે બેંક સાથે પહેલેથી હોય તેવી વ્યવસ્થા વિના, ફંડ ટ્રાન્સફર માટે એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગનો ઉપયોગ કરશે નહીં અથવા ઉપયોગ કરવાનો પ્રયત્ન કરશે નહીં. જો યૂઝરના ખાતામાં પર્યાપ્ત ફંડ ઉપલબ્ધ હોય, તો બેંક એક્સિસ બેંક ઇન્ટરનેટ બેંકિંગ મારફત પ્રાપ્ત થયેલ આવા ફંડ ટ્રાન્સફર ટ્રાન્ઝૅક્શનને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરશે. બેંકના વ્યાવહારિક નિયંત્રણની બહારની પરિસ્થિતિઓના કારણે, બેંક તમામ અથવા કોઈપણ ચુકવણી કરવામાં ચૂક માટે અથવા વિલંબથી ચુકવણી કરવા માટે જવાબદાર રહેશે નહીં.

**બિલની ચુકવણી***

બિલ ચુકવણી સુવિધા હેઠળ યૂઝર દ્વારા શેડ્યૂલ કરેલ તારીખે બિલની ચુકવણી માટે પર્યાપ્ત ફંડ જાળવવાનું રહેશે. અપૂરતા બૅલેન્સને કારણે અથવા નેટવર્ક કનેક્ટિવિટી, કમ્પ્યુટર બ્રેકડાઉન, સંદેશાવ્યવહાર લિંક્સની અનુપલબ્ધિ, સિસ્ટમ ડાઉન-ટાઇમ/મેન્ટેનન્સ, ચુકવણી સિસ્ટમની સમસ્યાઓ, વગેરે સહિતની પરંતુ તેના સુધી જ મર્યાદિત ના રહેતા કોઈપણ તકનીકી સમસ્યાઓ જેવા બેંકના નિયંત્રણમાં ન હોય તેવા સંજોગોને કારણે યૂઝરના બિલની ચુકવણી ન થાય તો તે માટે બેંક જવાબદાર રહેશે નહીં.

યૂઝર દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં અથવા શેડ્યૂલ કરેલ તારીખે બિલની ચુકવણી કરવામાં ન આવે તો તે માટે બેંક કોઈપણ રીતે જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં, તથા આવી ના થયેલ ચુકવણીને કારણે જો કોઈ વ્યાજ, દંડ અથવા આવા કોઈપણ શુલ્ક લાગે/ભોગવવા પડે, તો તેની ચુકવણી કે પ્રદાન કરવા માટે માત્ર યૂઝર જ બંધાયેલ રહેશે. વધુમાં, આવા યૂઝરના બિલની નિર્ધારિત સમયે અથવા શેડ્યૂલ કરેલ તારીખે ચુકવણી ન થવાને કારણે કોઈપણ થર્ડ-પાર્ટીના દાવાઓ સહિત બેંકને થયેલ/સહન કરેલ કોઈપણ નુકસાન, લાગત, ખર્ચ અથવા શુલ્કની ચુકવણી સામે યૂઝર દ્વારા બેંકને નુકસાન ભરપાઈ કરવામાં આવશે, અને યૂઝર સ્વીકારે છે કે આવી પરિસ્થિતિઓમાં યૂઝરને નુકસાન ભરપાઈ કરવાનું તેમને કહેવામાં આવશે નહીં.

બિલમાં વધુ રકમ લાગવી, સેવા અથવા સુવિધા બંધ થવી, બેંક દ્વારા ખોટા ક્રેડિટ અથવા ડેબિટ જેવા તમામ વિવાદો માત્ર યૂઝર દ્વારા જ ઉકેલવામાં આવશે, અને બેંક તેના માટે કોઈપણ રીતે જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં.

[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]

**બલ્ક ચુકવણી સેવાઓ**

1. ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલ એ બેંક દ્વારા ઑફર કરવામાં આવતી વેબ આધારિત ચુકવણી સેવા છે, જેમાં યૂઝર બેંકને યૂઝરના બેંક ખાતામાંથી, ઉપરોક્ત યૂઝર દ્વારા બેંકને આપવામાં આવેલા ડેટા (ઇન્ટરનેટ દ્વારા ફાઇલો અપલોડ કરીને) ના આધારે ઉપરોક્ત યૂઝર દ્વારા નિર્ધારિત કરવામાં આવતા ચોક્કસ લાભાર્થીઓને ફંડ મોકલવા વિનંતી કરી શકે છે.

2. બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા નિયમો અને શરતોએ ગ્રાહક એક્સિસ બેંકના વિવિધ પ્રૉડક્ટમાં સિંગલ અપલોડ સુવિધા માટે ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલની સેવાનો લાભ લઈ શકે છે. બેંક દ્વારા ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલ હેઠળ ફંડ ટ્રાન્સફર, આઇએમપીએસ, એનઇએફટી, આરટીજીએસ જેવી વેબ આધારિત ચુકવણી સેવાઓ આપવાં આવેલ છે, જે યૂઝર દ્વારા તેમની જરૂરિયાત મુજબ યૂઝરના ખાતામાં ઉપલબ્ધ ક્લિયર ફંડ અનુસાર મેળવી શકાય છે.

3. યૂઝરે ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલ પર ઇન્ટરનેટ દ્વારા ફાઇલો અપલોડ કરવાની રહેશે, તથા યૂઝર માટે અપલોડ કરવા માટે વિગતવાર પ્રક્રિયા નીચે દર્શાવેલ છે. ઉક્ત પ્રક્રિયામાં કોઈપણ ફેરફારની પરવાનગી આપવામાં આવશે નહીં તથા યૂઝરે ચુકવણી સેવા મેળવવા માટે પ્રક્રિયાને જણાવ્યા મુજબ જ અનુસરવાની રહેશે.

4. યૂઝર આથી બેંકને નીચે જણાવેલ પ્રક્રિયાની રૂપરેખા અનુસાર માત્ર ગ્રાહક દ્વારા અપલોડ કરવામાં આવેલ ડેટા ફાઇલોના આધારે તેના વતી આરટીજીએસ/એનઇએફટી/ફંડ ટ્રાન્સફર/આઇએમપીએસ ટ્રાન્ઝૅક્શનને અમલમાં મૂકવા માટે અધિકૃત કરે છે. યૂઝર બાંયધરી આપે છે કે તે નેટવર્ક/ઇન્ટરનેટ કનેક્ટિવિટી, કમ્પ્યુટર બ્રેકડાઉન, સંદેશાવ્યવહાર લિંકની અનુપલબ્ધતા, સિસ્ટમ ડાઉન-ટાઇમ/જાળવણી, ચુકવણી સિસ્ટમની સમસ્યાઓ વગેરે જેવી કોઈપણ તકનીકી સમસ્યાઓને કારણે થતી કોઈપણ નિષ્ફળતા અથવા વિલંબ માટે, જો આવી નિષ્ફળતા બેંકના વાજબી નિયંત્રણની બહાર અને બેંકની ઘોર અને ઇરાદાપૂર્વકની બેદરકારીને કારણે ન હોય, તો કોઈપણ રીતે બેંકને જવાબદાર કે ઉત્તરદાયી ઠેરવશે નહીં.

5. યૂઝર બાંયધરી આપે છે કે ડેટા ફાઇલ અધિકૃત વ્યક્તિ દ્વારા અપલોડ કરવામાં આવશે અને આ અધિકૃતતાનો પુરાવો આપતા બોર્ડના ઠરાવની એક નકલ યૂઝર દ્વારા બેંકને આપવામાં આવશે. તમામ સંબંધિત ખાતાના બંધારણ પ્રકારોના કિસ્સામાં, બેંકમાં યૂઝરના ખાતાઓમાં અધિકૃત વ્યક્તિના હસ્તાક્ષરો પણ અપડેટ કરવામાં આવશે.

6. આ નિયમો અને શરતોમાં બેંક સામે ફરજો અથવા જવાબદારીઓ અંગે કોઈપણ ગર્ભિત અર્થઘટન કરવામાં આવશે નહીં અથવા કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે નહીં. અહીં આપવામાં આવેલ નિયમો અને શરતોના આધારે, ફંડ મોકલવા માટે ચુકવણી સેવા પ્રદાન કરવાની ફરજ સિવાય, બેંક યૂઝર અને/અથવા લાભાર્થી વચ્ચે અમલમાં મૂકવામાં આવેલ કોઈપણ સમજૂતી, વ્યવસ્થા અથવા સમજણની કોઈપણ જોગવાઈઓ દ્વારા બંધાયેલા રહેશે નહીં.

7. ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલ પર બેંકને પ્રાપ્ત થયેલ વિનંતીઓની કે ડેટા ફાઇલની પ્રમાણભૂતતા અને/અથવા માન્યતા અને/અથવા અધિકૃતતાની ચર્ચા વિના, બેંક દ્વારા ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલ પર ઉપરોક્ત વિનંતીઓ પર સદ્ભાવનાથી કાર્ય કરવામાં આવશે, અને આવી વિનંતીઓને પ્રમાણભૂત, માન્ય અને ગ્રાહક દ્વારા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ માનવામાં આવશે. યૂઝર અહીં સંમત થાય છે કે ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલના માધ્યમથી, નીચે જણાવેલ પ્રક્રિયાની સવિસ્તાર રૂપરેખા અનુસાર, યૂઝર દ્વારા બેંકને આપવામાં આવેલી ઉપરોક્ત વિનંતીઓ કે ડેટા ફાઇલ દ્વારા ગ્રાહક કાયમી અને બિનશરતી રીતે બંધાયેલા રહેશે અને યૂઝર દ્વારા ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલ પર અપલોડ કરવામાં આવેલ લાગતી કોઈપણ વિનંતીઓની પ્રમાણભૂતતા, માન્યતા અથવા અધિકૃતતા અંગે યૂઝર દ્વારા વાંધો ઉઠાવી શકાશે નહીં.

8. યૂઝર બાંયધરી આપે છે કે બેંક દ્વારા પ્રદાન કરેલ ચુકવણી પ્લેટફોર્મ મોડ્યુલનો ઉપયોગ બેંક દ્વારા નિર્ધારિત વિશિષ્ટ હેતુ માટે કરવામાં આવશે.

9. યૂઝરને બેંક દ્વારા અમલમાં મૂકવામાં આવેલ ચુકવણી ટ્રાન્ઝૅક્શનની વિગતો પ્રાપ્ત થશે અને અપલોડ કરેલ ડેટા ફાઇલ સાથે તેની ઉલટ-તપાસ કરવાની જવાબદારી યૂઝરની રહેશે.

10. જો ઑનલાઇન પાસવર્ડ જનરેટ અને રીસેટ કરવાની સુવિધાનો ઉપયોગ કરવામાં આવે, તો તેનો અર્થ એમ થશે કે, પાસવર્ડ મોકલવા માટે આપવામાં આવેલી આ માહિતી બેંક દ્વારા રજિસ્ટર કરવામાં આવશે. કોઈપણ યૂઝરના મોબાઇલ નંબર અથવા ઇમેઇલ આઇડીમાં જો કોઈ ફેરફાર થાય, તો અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા સહી કરેલ લેટર હેડ પર આવા થયેલ ફેરફારની જાણ બેંકને કરવામાં આવશે (માત્ર સંબંધિત સીએ બંધારણો માટે, અન્ય પાસવર્ડને પ્લેટફોર્મ પર "પાસવર્ડ ભૂલી ગયા છો" સુવિધાનો ઉપયોગ કરીને રીસેટ કરી શકાય છે). રજિસ્ટર કરેલ માહિતીમાં ફેરફાર કરવા માટે યૂઝર દ્વારા

બેંકને માહિતી મોડી સબમિટ કરવામાં આવે, અથવા બેંકને માહિતી સબમિટ ન કરવામાં આવે, તો બેંકની કાર્યવાહી માટે યૂઝર દ્વારા બેંકને જવાબદાર માનવામાં આવશે નહીં.

**ગ્રાહક તરફથી ફાઇલ અપલોડ માટે પ્રક્રિયાની રૂપરેખા.**

1. યૂઝર ડેટા અપલોડ કરવા માટે નીઓ ફોર બિઝનેસમાં લૉગ-ઇન કરીને ચુકવણી મોડ્યુલ પર નેવિગેટ કરીને ઇન્ટરનેટ દ્વારા કોઈપણ સ્થળેથી ડેટા અપલોડ કરી શકે છે. ચુકવણી મોડ્યુલને ઍક્સેસ કરવા માટે યૂઝરને લૉગ-ઇન આઇડી અને પાસવર્ડ પ્રદાન કરવામાં આવશે.

2. પૂર્વવ્યાખ્યાયિત પરસ્પર સંમત ફોર્મેટમાં ડેટાને યૂઝર દ્વારા સીધા જ ચુકવણી મોડ્યુલ પર અપલોડ કરવામાં આવશે. ક્લાયન્ટ એક જ ફાઇલ દ્વારા ડેટા અપલોડ કરી શકે છે.

3. યૂઝરને વ્યાખ્યાયિત કરવાના અને માસ્ટર સંબંધિત પ્રવૃત્તિઓ કરવાના અધિકારો એક્સિસ બેંક ઍડમિન પાસે રહેશે. જરૂરિયાત મુજબ, જો જરૂરી ઑથૉરિટી માંગવામાં આવેલ હોય અને બેંકને જરૂરી દસ્તાવેજો સબમિટ કરવામાં આવ્યા હોય, તો તે જ પ્રવૃત્તિઓ સ્વતંત્ર રીતે કરવા માટે તે જ અધિકારો યૂઝરને આપવામાં આવી શકે છે*.

[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]

4. યૂઝર તરફથી ડેટાની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે ડેટા અપલોડ અને અધિકૃતતા માટે મેકર અને ચેકર સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવશે. મેકર અને ચેકર સિદ્ધાંતનો ઉપયોગ કરવાની જવાબદારી યૂઝરની રહેશે, યૂઝર તરફથી મેકર અને ચેકર દ્વારા સુવિધાના દુરુપયોગ/અનધિકૃત ઉપયોગને કારણે ઉદ્ભવતા કોઈપણ અણધાર્યા પરિણામો માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.*

[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]

5. યૂઝર નિર્ધારિત અધિકૃતતા મેટ્રિક્સ મુજબ ફાઇલને અધિકૃત કરી શકે છે / નકારી શકે છે. લૉગ-ઇન કરેલ યૂઝર પાસે પસંદ કરેલી ફાઇલ અપલોડ કરવાના અધિકારો છે કે નહીં તે તપાસવા માટે અધિકૃતતા આપવામાં આવે છે.*

[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]

6. ફાઇલ અપલોડ થયા પછી, પ્રથમ લેવલની સિસ્ટમ તપાસ કરવામાં આવશે. પ્રાથમિક ખરાઈ કરવામાં આવશે, જેમાં નીચેના મુદ્દાઓ તપાસવામાં આવશે:
a. ફાઇલની અંદર ટ્રાન્ઝૅક્શન ડુપ્લિસિટી b. લાભાર્થીની ખરાઈ અને તેના પરના પરિમાણો
c. ફંડની માન્યતા
d. આઇએફએસસી માન્યતા
e. પ્રતિ ફાઇલ ટ્રાન્ઝૅક્શનની સંખ્યા
f. ચુકવણી કરવા માટે ફરજિયાત ક્ષેત્રોની હાજરી

7. કોઈપણ કારણસર ફાઇલ નકારવામાં આવે, તો સિસ્ટમ દ્વારા નકારવાના કારણો ફ્રન્ટ એન્ડ પર દર્શાવવામાં આવશે, જેને યૂઝર દ્વારા સુધારી શકાય છે અને સુધારેલ ડેટા ફરીથી અપલોડ કરી શકાય છે.

8. અધિકૃત ફાઇલો પર બેંક દ્વારા પ્રક્રિયા કરવામાં આવશે એટલે કે ચુકવણી ફાઇલમાં ઉલ્લેખિત લાભાર્થી ખાતા નંબરના આધારે ફંડ ટ્રાન્સફર સંબંધિત ટ્રાન્ઝૅક્શન સરળતાથી અમલમાં મૂકવામાં આવશે અને જો યૂઝર દ્વારા એનઇએફટી/આઇએફટી/આઇએમપીએસ*/આરટીજીએસ* ચુકવણી પદ્ધતિઓ માટે યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલ હોય તો આ ટ્રાન્ઝૅક્શન સરળતાથી અમલમાં મૂકવામાં આવશે.

[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]

**પરિશિષ્ટ 2 - વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શનના નિયમો અને શરતો**

**વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શનની ઘોષણા**

યૂઝર અહીં નીચે મુજબ જાહેર કરે છે અને પુષ્ટિ કરે છે:

1. અમે www.axisbank.com પર વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શનની સુવિધા તરીકે આપવામાં આવતી કૅશ મેનેજમેન્ટ સેવાઓને સંચાલિત કરતા નિયમો અને શરતોમાં જણાવેલ શરતો વાંચી, સમજી લીધેલ છે અને તેનું પાલન કરવા માટે સંમત છીએ.

2. અમે સમજીએ છીએ કે ઉપરોક્ત શરતોમાં સમયાંતરે ફેરફાર કરવામાં આવી શકે છે અને અમે આવા ફેરફારોથી પોતાને અપડેટ રાખવા અને સમયાંતરે અમલમાં રહેલી શરતોથી બંધાયેલા રહેવા માટે સંમત છીએ.

3. અમે અહીં પુષ્ટિ કરીએ છીએ કે બેંકને આપેલી તમામ માહિતી સાચી અને સચોટ છે તથા બેંક સાથે વિશેષ કૅશ મેનેજમેન્ટ સંબંધ રાખવા માંગીએ છીએ. જો કોઈપણ તબક્કે બેંકના ધ્યાનમાં આવશે કે, અહીં આપવામાં આવેલ કોઈપણ માહિતી અચોક્કસ/ખોટી છે કે છુપાવવામાં આવી છે, અથવા બેંકને તે ઇરાદાપૂર્વક ગેરમાર્ગે દોરવાના હેતુથી આપવામાં આવી છે, તો વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શનની સુવિધા હેઠળ આપવામાં આવતી સેવાઓ નકારવામાં આવી શકે છે અને બેંક દ્વારા આ સુવિધા તાત્કાલિક ધોરણે સમાપ્ત કરવામાં આવી શકે છે, તથા બેંક પાસે તેને યોગ્ય લાગે તે અલગ કાનૂની કાર્યવાહી અથવા અન્ય કોઈપણ કાર્યવાહી શરૂ કરવાના અધિકારો રહેશે.

4. બેંક, પોતાના વિવેકાધિકારથી, વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શનની સુવિધા હેઠળ કોઈપણ પ્રોસેસિંગ તબક્કે યૂઝરની વિનંતીને નકારી/સ્વીકારી શકે છે તે અંગે અમે સંમત છીએ અને તેનો સ્વીકાર કરીએ છીએ.

5. અમે સમજીએ છીએ કે બેંકની આંતરિક નીતિઓ મુજબ ચોક્કસ પરિમાણો અને પાત્રતાના માપદંડોના આધારે વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શનની સુવિધા હેઠળ કૅશ મેનેજમેન્ટ સેવાઓ પ્રદાન કરવાનો અધિકાર બેંક અનામત રાખે છે.

6. અમે અહીં સમજીએ છીએ અને સંમત છીએ કે વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શન સુવિધા હેઠળ એક્સિસ બેંક કૅશ મેનેજમેન્ટ સેવાઓ સંબંધિત નિયમો અને શરતો મેળવવા, વાંચવા અને સમજવાની જવાબદારી અમારી છે, તથા સમયાંતરે અમલી હોય તેવા ઉપરોક્ત નિયમો અને શરતોનું પાલન કરવાની બાંયધરી આપીએ છીએ.

7. અમે સમજીએ છીએ અને સંમત છીએ કે વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શન સુવિધા હેઠળ બેંકની કૅશ મેનેજમેન્ટ સેવાઓનો ઉપયોગ કરવાથી, ઉક્ત નિયમો અને શરતોને બિનશરતી અને કાયમી ધોરણે સ્વીકાર્યા હોવાનું માનવામાં આવશે.

8. બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતા તથા યોગ્ય પત્રવ્યવહાર દ્વારા સૂચિત કરવામાં આવતા કોઈપણ શુલ્ક/ફીની ચુકવણી કરવા માટે અમે સંમત છીએ. વિનંતી કરતી વખતે પૂરી પાડવામાં આવેલી બધી માહિતીની સીધી/પરોક્ષ રીતે ચકાસણી કરવાનો અને સંદર્ભો મેળવવાનો અધિકાર બેંક પાસે અનામત છે.

9. વધુમાં, અમે બેંક દ્વારા સમયાંતરે રજૂ અથવા ઑફર કરવામાં આવતી નવી પ્રૉડક્ટ, સેવાઓ અને સુવિધાઓ વિશેની માહિતી ફોન/ઇમેઇલ/એસએમએસ/બેંક અધિકારી પાસેથી સીધા જ સંદેશાવ્યવહાર દ્વારા પ્રાપ્ત કરવા માટે પણ સંમત છીએ.

10. અમે સંમત છીએ અને સમજીએ છીએ કે વર્ચ્યુઅલ એકાઉન્ટ કલેક્શન સુવિધા હેઠળ મેળવવામાં આવેલ બેંકની કૅશ મેનેજમેન્ટ સર્વિસ માટે, ફંડ તે જ દિવસે (ટી ડે) સેટલ કરવામાં આવશે, જે આરબીઆઇ આરટીજીએસ/એનઇએફટી/આઇએમપીએસ ફંડ સેટલમેન્ટના નિયમો હેઠળ સ્ટાન્ડર્ડ સમયસીમા મુજબ હોવી જરૂરી નથી.

**પરિશિષ્ટ 3 - સેવા વિનંતીઓ**

1. મોબાઇલ નંબર અપડેશન: ખાતા તેમજ ટ્રાન્ઝૅક્શનની સલાહ સંબંધિત કોઈપણ સંદેશાવ્યવહાર મોકલવા માટે બેંક રેકોર્ડમાં મોબાઇલ નંબર અપડેટ કરી શકાય છે. યૂઝર કોઈપણ ટ્રાન્ઝૅક્શનની ખરાઈની પુષ્ટિ કરવા માટે ચકાસણી, કૉલબૅક અથવા તપાસણી કરવા માટે, બેંકને જે યોગ્ય જણાય તે માટે, અપડેટ કરેલા નંબર પર તેમનો સંપર્ક કરવા માટે બેંકને અધિકૃત કરે છે. યૂઝર પુષ્ટિ કરે છે કે મોબાઇલ નંબરનો ઉપયોગ મારા દ્વારા કરવામાં આવે છે, કોઈ અન્ય થર્ડ-પાર્ટી દ્વારા કરવામાં આવતો નથી. યૂઝર બાંયધરી આપે છે કે જો અને જ્યારે મોબાઇલ નંબર બદલવામાં આવે ત્યારે તેઓ યોગ્ય રીતે અને તરત જ બેંકને જાણ કરશે.

2. સ્કીમ કોડ કન્વર્ઝન: પસંદ કરેલ નવા સ્કીમ કોડ સાથે સંકળાયેલી વિશેષતાઓ અને શુલ્કનું સ્ટ્રક્ચર યૂઝરે વાંચી અને સમજી લીધેલ છે, અને તે શુલ્ક લાગુ થવાના આગામી સમયગાળાથી લાગુ થશે, જે તે પછીના મહિનાની 1 તારીખથી લાગુ થશે.

3. ઇમેઇલ આઇડી અપડેશન: ઇમેઇલ આઇડીને ખાતામાંથી અપડેટ કરી શકાય છે. બેંક તરફથી ખાતા સ્ટેટમેન્ટ અને સંદેશાવ્યવહાર આ રજિસ્ટર્ડ ઇમેઇલ આઇડી પર મોકલવામાં આવશે. ઇમેઇલ આઇડી અપડેટ કરવામાં આવેલ હશે, તો ફિઝિકલ સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે નહીં તે બાબતથી યૂઝર સંપૂર્ણપણે માહિતગાર છે.

4. ચેક બુકની વિનંતી*:

યૂઝર ચેક બુક જારી કરવાની વિનંતી કરી શકે છે. યૂઝરના રજિસ્ટર્ડ સરનામાં સિવાયના સરનામે ચેક બુક મોકલવા માટે, શુલ્કના શેડ્યૂલમાં જણાવવામાં આવેલ અને સમયાંતરે વેબસાઇટ પર અપડેટ કરવામાં આવતા કુરિયર શુલ્કની ચુકવણી યૂઝરે કરવાની રહેશે.

ટ્રાન્ઝૅક્શનની પ્રક્રિયા (જ્યારે બેંક દ્વારા રજૂ કરવામાં આવે ત્યારે)

- ત્વરિત નાણાંકીય ટ્રાન્ઝૅક્શન માટેની તમામ વિનંતીઓ તાત્કાલિક અમલમાં આવશે.
- જો બેંકને આ અંગે સૂચના ન મળે તથા યૂઝર દ્વારા ફોરવર્ડ કરવામાં આવેલ હોય તો પણ, કોઈપણ ટ્રાન્ઝૅક્શન ન કરવા/થવા બદલ યૂઝર દ્વારા બેંકને જવાબદાર ઠેરવવામાં આવશે નહીં.
- યૂઝર લાગુ પડતા ચેક બુક શુલ્કની ચુકવણી કરવા માટે સંમત થાય છે અને તે તેમના ખાતામાંથી કાપવામાં આવશે

[* બેંક દ્વારા આ સુવિધાઓ શરૂ કરવામાં આવે ત્યારે લાગુ પડે છે.]

**પરિશિષ્ટ 4 – ગ્રેબ ડીલ્સના નિયમો અને શરતો**

આ નિયમો અને શરતો ("શરતો") ઑફરમાં ભાગ લેનાર યૂઝરને (અહીં વ્યાખ્યાયિત કર્યા મુજબ) લાગુ પડશે, જેનો સ્વીકાર કરવા તેઓ સંમત થાય છે, અને જેના દ્વારા એક્સિસ બેંક ("એક્સિસ બેંક") દ્વારા પ્રદાન કરવામાં આવતી નિર્દિષ્ટ પ્રૉડક્ટ અને સેવાઓની જોગવાઈઓનું નિયમન કરવામાં આવશે. આ ઑફરમાં ભાગ લેવો સ્વૈચ્છિક છે. ઑફરમાં ભાગ લેનાર પ્રત્યેક યૂઝર દ્વારા આ નિયમો અને શરતો વાંચવામાં, સમજવામાં અને સ્વીકાર્યા હોવાનું માનવામાં આવશે અને આ શરતો બેંક દ્વારા ઑફર કરવામાં આવતા કોઈપણ ખાતા અથવા અન્ય કોઈપણ સુવિધા/સેવાઓ અને/અથવા બેંક દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવી શકે તેવા અન્ય નિયમો અને શરતો ઉપરાંતની રહેશે, અને તેનો અનાદર કરતી નથી.

એક્સિસ બેંક ગ્રેબ ડીલ્સ એ સહયોગી(ઓ) દ્વારા યૂઝરને આપવામાં આવતી ઑફરને માત્ર દર્શાવવા માટેનું જ એક પ્લેટફોર્મ છે. એક્સિસ બેંક ગ્રેબ ડીલ્સ પ્લેટફોર્મને પોતાના યૂઝરની સુવિધા માટે જ, સહયોગી(ઓ) દ્વારા યૂઝરને આપવામાં આવતી ઑફરને દર્શાવવા હોસ્ટ કરે છે . પ્રૉડક્ટ/સેવાઓ માત્ર સહયોગી(ઓ) દ્વારા ઑફર કરવામાં આવી રહી છે અને એક્સિસ બેંક આમાંથી કોઈપણ પ્રૉડક્ટ/સેવાઓનું વેચાણ/પ્રદાન કરતી નથી. એક્સિસ બેંક ગ્રેબ ડીલ્સ પ્લેટફોર્મ હોસ્ટ કરીને B2B અથવા ઑનલાઇન રિટેલ ટ્રેડિંગ અથવા ખરીદીનો બિઝનેસ કરતી નથી. એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ/નેટ બેંકિંગ સુવિધાના ઉપયોગ માટેની રૂઢિગત વિચારણાઓ સિવાય, સહયોગી(ઓ) દ્વારા ઉપલબ્ધ કરાવેલ ઑફર યૂઝર દ્વારા જોવા પર અથવા સહયોગી(ઓ) દ્વારા ઑફર કરવામાં આવતા પ્રૉડક્ટ/સેવાની ખરીદી/લાભ લેવા પર કોઈ કમિશન અથવા અન્ય ફીની કમાણી કરશે નહીં. યૂઝર અન્ય કોઈપણ સ્ટોર/ઑનલાઇન પ્લેટફોર્મથી અને અન્ય કોઈપણ ચુકવણી પદ્ધતિનો ઉપયોગ કરીને ખરીદી કરવા/મેળવવા માટે સ્વતંત્ર છે. એક્સિસ બેંક ચુકવણી ગેટવે સેવાઓ પ્રદાન કરીને તેના યૂઝરને માત્ર ચુકવણીની સુવિધા આપે છે. ગ્રેબ ડીલ્સ પ્લેટફોર્મ હોસ્ટ કરીને, એક્સિસ બેંક સહયોગી(ઓ) દ્વારા આપવામાં આવેલ ઑફરના સંદર્ભમાં કોઈ પ્રતિનિધિત્વ, કોઈ ગેરંટી અથવા વોરંટી આપતી નથી. એક્સિસ બેંક ઑફર/ડિસ્કાઉન્ટ હેઠળ પ્રૉડક્ટ/ સેવાઓના વેચાણ/ગુણવત્તા/સુવિધાઓ માટે જવાબદાર નથી અથવા તે

સહયોગી(ઓ) અથવા કોઈપણ પ્રૉડક્ટ/સેવાઓને સમર્થન આપતી નથી. એક્સિસ બેંક ગ્રેબ ડીલ્સ વેબસાઇટ (અથવા તેના કોઈ વિભાગ પર તમને લઈ જવામાં આવે) પરની સહયોગી(ઓ) વિશેની કે ઑફર કરવામાં આવતી પ્રૉડક્ટ/સેવાઓ વિશે કોઈપણ માહિતીની એક્સિસ બેંક દ્વારા ચકાસણી કરવામાં આવતી નથી. આવી કોઈપણ માહિતી માટે એક્સિસ બેંક જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં. જો કોઈ યૂઝર ઑફર હેઠળ પ્રૉડક્ટ/સેવાની ખરીદી/લાભ લે છે તો તે માટે એક્સિસ બેંક જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં. જો તમે પ્રૉડક્ટ/સેવાનો લાભ લેવા/મેળવવાનું પસંદ કરો છો, તો એક્સિસ બેંક આવી ખરીદી/પ્રાપ્તિ સાથે સંબંધિત કોઈપણ રીતે અથવા સહયોગી અથવા યૂઝરના કોઈપણ કાર્ય અથવા ચૂક માટે જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં. તમામ પ્રૉડક્ટ/સેવા સંબંધિત પ્રશ્નો/ફરિયાદોને માત્ર સંબંધિત સહયોગી દ્વારા જ સંબોધવામાં આવશે. ગ્રાહકને ગ્રેબ ડીલ્સ પ્લેટફોર્મ દ્વારા ડિસ્કાઉન્ટ/ઑફર પ્રાપ્ત થશે. ગ્રેબ ડીલ્સની બહારની અન્ય હાલની ઑફર લાગુ થશે, જો યૂઝર સંબંધિત ઑફરના નિયમો અને શરતોનું પાલન કરે.

grabdeals.axisbank.com વેબસાઇટને વર્નોસ્ટ માર્કેટિંગ ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ ("વર્નોસ્ટ" એક્સિસ બેંક વતી, ભારતના કાયદા અનુસાર સ્થાપિત અને અસ્તિત્વમાં રહેલી કંપની") દ્વારા સંચાલિત અને જાળવવામાં આવે છે. આ વેબસાઇટના તમામ મુલાકાતીઓ અથવા યૂઝરને નીચેના નિયમો અને શરતો લાગુ પડે છે.

કૃપા કરીને આ વેબસાઇટનો ઉપયોગ કરતા પહેલાં આ સાઇટના નિયમો અને શરતોને કાળજીપૂર્વક વાંચો. આ વેબસાઇટને ઍક્સેસ કરીને અથવા તેનો ઉપયોગ કરીને, તમે સ્પષ્ટપણે આ સાઇટના નિયમો અને શરતોનું પાલન કરવા અને તેના દ્વારા બંધાયેલા રહેવા માટે સંમત થાવ છો. જ્યારે તમે આ સાઇટ દ્વારા કોઈપણ પેટા-સાઇટ (કંપનીના 'સહયોગી' ની અથવા અન્ય કોઈ) ને ઍક્સેસ કરો છો, ત્યારે પેટા-સાઇટના પોતાના નિયમો અને શરતો હોઈ શકે છે, જે આવી પેટા-સાઇટ માટે જ લાગુ પડતા હોય છે.

આ ઉપયોગના નિયમો અને શરતો તથા આ સાઇટ પર પોસ્ટ કરેલ કોઈપણ અતિરિક્ત શરતો એકસાથે આ સાઇટના તમારા ઉપયોગના સંદર્ભમાં એક્સિસ બેંક અને તમારા વચ્ચેનો સંપૂર્ણ કરારનું ગઠન કરે છે.

**પરિભાષા:**

નીચેના શબ્દો અને શબ્દસમૂહોનો અર્થ આ દસ્તાવેજમાં નીચે જણાવેલ અર્થ મુજબ હશે, સિવાય કે તે સંદર્ભના વિરોધાભાસમાં ન હોય:

**“"યૂઝર"** એટલે જે એક્સિસ બેંકમાં ચાલુ ખાતું ધરાવે છે અને જેઓ ગ્રેબ ડીલ્સ બિઝનેસ પ્લેટફોર્મ દ્વારા ઑફર / દુકાનોનો લાભ લે છે.

**“ઑફર"** એટલે ડિસ્કાઉન્ટ ઑફર કે જે એક્સિસ બેંક નીચે આપેલ ઑફરની શરતો હેઠળ સૂચિબદ્ધ કેટલીક શરતોના આધારે grabdeals.axisbank.com દ્વારા ટ્રાન્ઝૅક્શન સફળતાપૂર્વક પૂર્ણ કરવા પર યૂઝરને પ્રદાન કરશે.

**“સહયોગી"** નો અર્થ ગ્રેબ ડીલ્સ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ વેપારીઓ/બ્રાન્ડ/B2B ભાગીદાર થશે.

કૅશબૅક*/ડિસ્કાઉન્ટ ઑફરના નિયમો અને શરતો:

- આ ઑફર માત્ર એક્સિસ બેંક ખાતા ધારકો અને એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ ધારકો માટે જ માન્ય છે.
- ડિસ્કાઉન્ટ % એક્સિસ બેંકના ચાલુ ખાતા ધારકો માટે માન્ય છે.
- જો યૂઝર દ્વારા સહયોગીની સાઇટ પર એક્સિસ બેંક ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ (પ્રમાણીકરણ પેજ પર યૂઝર દ્વારા નિર્દિષ્ટ) નો ઉપયોગ કરીને ટ્રાન્ઝૅક્શન કરવામાં આવેલ હોય, તો જ આ ઑફરનો લાભ યૂઝરને મળી શકે છે. જો યૂઝરે કોઈ અન્ય કાર્ડનો ઉપયોગ કરીને ટ્રાન્ઝૅક્શન કર્યું હશે (પ્રમાણીકરણ પેજ પર યૂઝર દ્વારા ઉલ્લેખિત કરવામાં આવ્યું હતું તે સિવાય), તો કૅશબૅક/રિવૉર્ડ પૉઇન્ટ લાગુ થશે નહીં.
- ઑફર માત્ર એક્સિસ રિટેલ ગ્રાહકો માટે માન્ય છે. બિઝનેસ/ બિઝનેસ કોરસ્પોન્ડન્ટના માધ્યમથી કરવામાં આવેલ ટ્રાન્ઝૅક્શન અથવા કોઈપણ શંકાસ્પદ ટ્રાન્ઝૅક્શન પાત્ર રહેશે નહીં.
- ગ્રેબ ડીલ્સ પ્લેટફોર્મ દ્વારા ટ્રાન્ઝૅક્શન કરીને યૂઝરને, ખાતા દીઠ/ક્રેડિટ કાર્ડ દીઠ પ્રતિ કૅલેન્ડર મહિને મહત્તમ ₹1000/- કૅશબૅક મળી શકે છે.
- ટ્રાન્ઝૅક્શનની તારીખથી 90 થી 120 દિવસની અંદર યૂઝરની મૂળ ચુકવણી પદ્ધતિ (ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ)

માં કૅશબૅક જમા કરવામાં આવશે.

- કૅશબૅકની ગણતરી પ્રૉડક્ટની કરવેરા સિવાયની મૂળ કિંમત પર કરવામાં આવે છે
- આ ઑફર કોઈપણ સહયોગી પાસેથી ખરીદી કરેલ માત્ર એક મોબાઇલ ફોન (પ્રતિ ડૅબિટ અથવા ક્રેડિટ કાર્ડ) માટે લાગુ થશે. આ ઑફર તે કૅલેન્ડર મહિનામાં ખરીદેલ બીજા મોબાઇલ પર લાગુ પડશે નહીં. જો યૂઝર ગ્રૅબ ડીલ્સ પ્લેટફોર્મ દ્વારા બે મોબાઇલ ફોન ખરીદે છે, તો ઑફર માત્ર ખરીદેલ પ્રથમ મોબાઇલ (તમામ સહયોગીઓમાં) માટે લાગુ થશે.
- આ ઑફરમાં ભાગ લઈને, યૂઝર સમયાંતરે એક્સિસ બેંક દ્વારા સુધારેલ અને સૂચવેલ કોઈપણ અન્ય લાગુ નિયમો અને શરતો સહિત આ ઑફરના નિયમો અને શરતો દ્વારા બંધાયેલા રહેવા માટે સંમત થાય છે. યૂઝર દ્વારા આવી કોઈપણ ભાગીદારીનો અર્થ એ હશે કે યૂઝરે અહીં આપેલ આ નિયમો અને શરતો વાંચ્યા, સમજ્યા અને સ્વીકાર્યા છે.
- એક્સિસ બેંક ડૅબિટ અને ક્રેડિટ કાર્ડ પર કૅશબૅક માત્ર એક્સિસ બેંક ગ્રૅબ ડીલ્સમાંથી લેન્ડિંગ પછી તરત જ સહયોગીઓના કાર્ટમાં ઉમેરેલી વસ્તુઓ પર મળશે. આ ઑફર પહેલેથી જ યૂઝરના કાર્ટમાં હોય (અગાઉના સત્ર દરમિયાન ઉમેરવામાં આવેલ હોય) તેવી વસ્તુઓ પર લાગુ થશે નહીં, પરંતુ માત્ર એક્સિસ બેંક ગ્રૅબ ડીલ્સ પ્લેટફોર્મમાંથી લેન્ડિંગ પછી જ ઉમેરવાની રહેશે.
- આ ઑફર ગ્રૅબ ડીલ્સ પ્લેટફોર્મ દ્વારા Amazon Pay બૅલેન્સને ટોપ-અપ કરવા, Amazon Prime ની ખરીદી, Audible Music મેમ્બરશિપ, ફ્લાઇટ અને મૂવી ટિકિટ બુકિંગ, બિલ ચુકવણી અને રિચાર્જ તથા ગોલ્ડ અને સિલ્વર કૉઇન માટે લાગુ રહેશે નહીં.
- આ ઑફર કોઈપણ અન્ય વ્યક્તિને ટ્રાન્સફર કરી શકાતી નથી અને તેના બદલે અન્ય કોઈ ઑફર મેળવી શકાતી નથી.
- આ ઑફર ટ્રાન્સફર કરી શકાતી નથી, નૉન-અસાઇનેબલ છે અને તેમાં વાટાઘાટો થઈ શકશે નહીં તેમજ તેને રોકડમાં બદલી શકાતી નથી
- આ ઑફર માત્ર ભારતીય નાગરિકો હોય તેવા યૂઝર માટે જ માન્ય છે
- આ ઑફર બિન-નિવાસી ભારતીય ગ્રાહકો માટે તેમના એનઆરઇ ખાતાના ડૅબિટ કાર્ડ પર લાગુ નથી
- આ ઑફર માત્ર પ્રાથમિક ક્રેડિટ કાર્ડ પર લાગુ છે, ઍડ-ઑન ક્રેડિટ કાર્ડ પર નહીં
- જો ઑફર હેઠળ લાભો મેળવવાના હેતુથી અથવા અન્યથા કોઈપણ કારણસર કોઈપણ છેતરપિંડીની જાણ થશે, તો એક્સિસ બેંક ઑફરના લાભોથી યૂઝરને અયોગ્ય ઠેરવવાનો અધિકાર ધરાવે છે. ઑફર હેઠળ લાભો મેળવવાના હેતુથી કરવામાં આવતી કોઈપણ છેતરપિંડીની પ્રવૃત્તિના કિસ્સામાં, બેંક દ્વારા જરૂરી પગલાં લેવામાં આવશે. કૃપા કરીને નોંધ કરો કે આ સંદર્ભમાં બેંકનો વિવેકાધિકાર અંતિમ અને બંધનકર્તા રહેશે.
- તેવા યૂઝર, કે જેમના ખાતાને ઑફરની અવધિ પહેલાં અથવા તેની માન્યતા દરમિયાન ફરજ ચૂકનાર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે તે ઑફરના લાભો માટે પાત્ર રહેશે નહીં. આ સંદર્ભમાં બેંકનો વિવેકાધિકાર અંતિમ રહેશે.
- અહીં શામેલ નિયમો અને શરતોમાં કોઈપણ ભૂલો અને/અથવા ચૂક માટે એક્સિસ બેંક જવાબદાર નથી. બધી માહિતી કોઈપણ પ્રકારની વોરંટી વિના "જેમ છે તેમ" આધારે પ્રદાન કરવામાં આવે છે. એક્સિસ બેંક કોઈપણ ચોક્કસ હેતુ માટે ચોકસાઈ, સમયબદ્ધતા, સંપૂર્ણતા, મર્ચન્ટેબિલિટી અથવા ફિટનેસ સહિત યૂઝર અને/અથવા કોઈપણ થર્ડ-પાર્ટી માટે કોઈપણ પ્રકારની સ્પષ્ટ, ગર્ભિત, વોરંટીનું કોઈ પ્રતિનિધિત્વ કરતી નથી અને અસ્વીકાર કરે છે.
- એક્સિસ બેંક/ વર્નોસ્ટ એ કંપનીની સિસ્ટમની સુરક્ષા, સલામતી અને અખંડિતતા તેમજ તેના ગ્રાહકો અને યૂઝરના હિતો સારી રીતે સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે. આ માટે, વર્નોસ્ટ તમારા દ્વારા આપવામાં આવેલા ઑર્ડરની પ્રામાણિકતા, અમલીકરણ અને માન્યતાની

ચકાસણી અને પુષ્ટિ કરવા માટે વિવિધ પગલાં લઈ શકે છે.

- ગ્રેબ ડીલ્સ સભ્યને કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વિના કોઈપણ સમયે નવી પ્રૉડક્ટ રજૂ કરવાનો અને હાલની પ્રૉડક્ટમાં ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે.

- આ ઑફરને અન્ય કોઈપણ કૅશબૅક/રિવૉર્ડ પૉઇન્ટ/ડિસ્કાઉન્ટ (હાલના અથવા નવા) સાથે જોડવું એ બૅંકના વિવેકાધિકાર પર છે. એક્સિસ બૅંક આ ઑફર સાથે આવા કોઈપણ કૅશબૅક/રિવૉર્ડ પૉઇન્ટ/ડિસ્કાઉન્ટ ઉમેરવાનો અથવા કાઢી નાંખવાનો અધિકાર અનામત રાખે છે.

- આ ઑફરમાં ભાગ લેતી વખતે કોઈપણ છેતરપિંડી અને/અથવા ગેરકાયદેસર ટ્રાન્ઝૅક્શન અથવા યૂઝર દ્વારા કરવામાં આવેલ કોઈપણ ખોટી રજૂઆત સહિત, પરંતુ તેના સુધી જ મર્યાદિત ના રહેતા, ઑફરના સંદર્ભમાં એક્સિસ બૅંકને થતા કોઈપણ નુકસાન અથવા ક્ષતિ સામે યૂઝર એક્સિસ બૅંકને હાનિરહિત રાખવા અને ક્ષતિપૂર્તિ આપવા માટે સંમત થાય છે

- ઑફર સંબંધિત કોઈપણ જાહેરાત અથવા પ્રમોશનલ સામગ્રી પર કોઈપણ સૂચનાઓ અને શરતો સંબંધિત કોઈપણ વિરોધ અથવા વિસંગતતાની સ્થિતિમાં, આ નિયમો અને શરતો આવી અન્ય તમામ સૂચનાઓ અને શરતો પર પ્રબળ રહેશે અને એક્સિસ બૅંક દ્વારા કોઈપણ તબક્કે તેના કોઈપણ અધિકારોને લાગુ કરવામાં નિષ્ફળતાનો અર્થ, તે અધિકારોને જતા કરવામાં આવ્યા છે તેમ થતો નથી.

*કૅશબૅકના નિયમો અને શરતો માત્ર રિટેલ/બચત ખાતા ધારકો માટે લાગુ.

**એક્સિસ બૅંકના માનક નિયમો અને શરતો:**

- ડિસ્કાઉન્ટને લગતા યૂઝરના તમામ પ્રશ્નો/વિવાદ, ભાગીદારના નિયમો અને શરતો તથા વિવાદ નીતિ મુજબ ભાગીદાર સમક્ષ ઉઠાવવાના રહેશે

- ઑફરને લગતા યૂઝરના તમામ પ્રશ્નો/વિવાદ ઑફરના સમયગાળા દરમિયાન અથવા પ્રમોશન અવધિની સમાપ્તિના 90 દિવસની અંદર જણાવવાના રહેશે. કોઈપણ વિવાદના કિસ્સામાં, કેસની વધુ તપાસ કરવા માટે, યૂઝરે બિલની સ્કૅન કરેલ નકલ આપવાની રહેશે. એક્સિસ બૅંક દ્વારા ઑફર હેઠળ આપવામાં આવેલ કૅશબૅક અથવા રિવૉર્ડ પૉઇન્ટ અથવા B2B ડિસ્કાઉન્ટ સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે, યૂઝરે એક્સિસ બૅંક કૉલ સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે: 1800- 209-5577.

- આ ઑફર ટ્રાન્સફર કરી શકાય તેવી નથી, તેમાં વાટાઘાટો થશે નહીં છે અને તેને રોકડમાં બદલી શકાતી નથી.

- ઑફર માટે અપૂર્ણ / નકારવામાં આવેલ / અમાન્ય / પરત કરેલ / વિવાદિત અથવા અનધિકૃત/છેતરપિંડીયુક્ત ટ્રાન્ઝૅક્શનને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

- જો ઑફર કન્ફિગર કરવામાં આવી ન હોય અથવા કોઈ ટેલિફોન નેટવર્ક અથવા લાઇન, કમ્પ્યુટર ઑન-લાઇન સિસ્ટમ, સર્વર અથવા પ્રદાતાઓ, કમ્પ્યુટર ઉપકરણો, સૉફ્ટવેર અથવા વેબસાઇટની ખામી, વિલંબ, ભારે ઉપયોગ જામ થવાને કારણે ઉપલબ્ધ થઈ શકતી નથી, તો તે માટે એક્સિસ બૅંક જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં.

- આ ઑફરમાં ભાગ લેવો સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે અને એમ માની લેવામાં આવે છે, કે કાર્ડધારકો દ્વારા ભાગીદારી સ્વૈચ્છિક ધોરણે કરવામાં આવી હોવાનું માનવામાં આવશે.

- એક્સિસ બૅંક કોઈપણ કારણો જણાવ્યા વિના અથવા કોઈપણ પૂર્વ સૂચના વિના ઑફર માટે લાગુ તમામ અથવા કોઈપણ શરતોમાં ફેરફાર / બદલાવ કરવાનો અધિકાર અનામત રાખે છે. એક્સિસ બૅંક કોઈપણ કારણો આપ્યા વિના અથવા કોઈપણ પૂર્વ સૂચના વિના ઑફર બંધ કરવાનો અધિકાર અનામત રાખે છે.

- ઑફર અથવા કોઈપણ કાર્ડધારકની પાત્રતા સંબંધિત કોઈપણ વિવાદ અથવા વિસંગતતા સહિત, ઑફરને લગતી તમામ બાબતો માટે એક્સિસ બૅંકનો નિર્ણય અંતિમ રહેશે અને કાર્ડધારકોને બધી બાબતોમાં બંધનકર્તા રહેશે.

- પ્રમોશનમાં દર્શાવવામાં આવેલી છબીઓ માત્ર ચિત્રાત્મક રજૂઆત માટે છે અને એક્સિસ બૅંક તેના માટે કોઈપણ જવાબદારી કે ઉત્તરદાયિત્વ સ્વીકારતી નથી. આ ઑફરનો અર્થ, વેપારી/સહયોગી અથવા કોઈપણ

થર્ડ-પાર્ટીના કોઈપણ પ્રૉડક્ટ/ સેવાઓ ખરીદવા માટેની સલાહ, આમંત્રણ અથવા વિનંતી છે તેમ થતો નથી અથવા તેમ થતો હોવાનું માનવામાં આવશે નહીં, તેમજ તેનો હેતુ કોઈપણ અધિકારો અને જવાબદારીઓ ઊભી કરવાનો નથી.

- એક્સિસ બેંક દ્વારા કરવામાં આવેલી ઑફર એ પ્રવર્તમાન કાયદાઓ અને નિયમનકારી માર્ગદર્શિકા/ નિયમનોને આધિન છે અને સમયાંતરે બેંકની હાલ અસ્તિત્વમાં રહેલી માર્ગદર્શિકા મુજબ છે.
- બેંક પ્રૉડક્ટના વેચાણ / માર્કેટિંગ માટે એજન્ટની સેવાઓનો ઉપયોગ કરી શકે છે. એક્સિસ બેંક લિમિટેડના કૉપીરાઇટ. બધા હકો આરક્ષિત છે.
- ઑફર હેઠળ કાર્ડ ધારક(કો) દ્વારા મેળવેલ કોઈપણ માલ/ સેવાઓના ઉપયોગ અથવા અન્યથા ઉદ્ભવતા કોઈપણ નુકસાન/ ક્ષતિ/ દાવા માટે એક્સિસ બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- ઑફર હેઠળ માલ અને/અથવા સેવાઓના વિતરણમાં થઈ શકે તેવા કોઈપણ વિલંબ અથવા નુકસાન માટે એક્સિસ બેંક જવાબદાર રહેશે નહીં.
- એક્સિસ બેંક પ્રમોશન સમયગાળા દરમિયાન કોઈપણ સમયે ઑફરને બદલવાનો અથવા બંધ કરવાનો અધિકાર જાળવી રાખે છે. ઑફરના સંદર્ભમાં એક્સિસ બેંકનો નિર્ણય યૂઝર માટે અંતિમ અને બંધનકર્તા રહેશે અને આ સંદર્ભમાં કોઈપણ પત્રવ્યવહારને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
- જો ઑફર હેઠળ અથવા અન્યથા કાર્ડના ઉપયોગ દ્વારા લાભ મેળવવાના હેતુથી કોઈ છેતરપિંડીની પ્રવૃત્તિ કરવામાં આવી રહી હોવાની જાણ થાય, તો એક્સિસ બેંક કોઈપણ કાર્ડધારકને ઑફરના લાભો મેળવવા માટે ગેરલાયક ઠેરવવાનો અધિકાર અનામત રાખે છે.
- ઑફર હેઠળ પ્રાપ્ત થતા લાભોના સંબંધમાં ચૂકવવાપાત્ર તમામ કર, ડ્યુટી, વેરા અથવા અન્ય વૈધાનિક રીતે ચૂકવવાપાત્ર રકમ અને શુલ્ક માત્ર કાર્ડધારક દ્વારા ચૂકવવામાં આવશે અને એક્સિસ
- બેંક આવા કોઈપણ કર, ડ્યુટી, વેરા અથવા અન્ય વૈધાનિક રીતે ચૂકવવાપાત્ર રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- ઑફરને સંચાલિત કરતા નિયમો અને શરતો એ એક્સિસ બેંક દ્વારા જારી કરાયેલા ક્રેડિટ કાર્ડ / ડેબિટ કાર્ડને સંચાલિત કરતા મુખ્ય નિયમો અને શરતોની ઉપરાંતના ઉપરાંત હશે અને તેના સ્થાને / તેનો અનાદર કરતા નહીં હોય
- આ ઑફર જ્યાં પ્રતિબંધિત હોય અને જે પ્રૉડક્ટ/ સેવાઓ માટે આવા કાર્યક્રમો કોઈપણ કારણોસર ઑફર કરી શકાતા નથી ત્યાં ઉપલબ્ધ નથી.
- આ ઑફરનો લાભ લેનાર કોઈપણ વ્યક્તિ દ્વારા આ નિયમો અને શરતો વાંચવામાં, સમજવામાં અને સ્વીકારવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.
- ઑફર અથવા નિયમો અને શરતો સંબંધિત કોઈપણ વિવાદ માત્ર મુંબઈની અદાલતોના અધિકારક્ષેત્રને આધિન રહેશે.
- આ કૅમ્પેન/ઑફરમાં ભાગ લેનાર કોઈપણ યૂઝર દ્વારા આ નિયમો અને શરતો વાંચવામાં, સમજવામાં અને સ્વીકારવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.
- ઑફરમાં ભાગીદારી સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે અને તે સમજવામાં આવે છે, કે યૂઝર(રો) દ્વારા ભાગીદારી સંપૂર્ણપણે સ્વૈચ્છિક ધોરણે કરવામાં આવી હોવાનું માનવામાં આવશે.
- જો કોઈપણ યૂઝર/(રો) અસંગત હોય તેવા મોબાઇલ ફોન હેન્ડસેટ, ટેલિકોમનો વપરાશ પ્લાન અથવા નેટવર્કની અનુપલબ્ધિ અથવા સિસ્ટમની નિષ્ફળતા/ભૂલ અથવા અન્ય કોઈપણ કારણસર ટ્રાન્ઝૅક્શન કરવામાં અસમર્થ/નિષ્ફળ રહે તો એક્સિસ બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- એક્સિસ બેંક કોઈપણ સમયે, પૂર્વ સૂચના વિના, તેના અન્ય કોઈપણ અધિકારો પ્રત્યે જવાબદારી કે પૂર્વગ્રહ રાખ્યા વિના અને સમયાંતરે, કોઈપણ કારણ આપ્યા વિના આ ઑફરને પાછી ખેંચવાનો/સ્થગિત/સુધારો/રદ કરવાનો અધિકાર અનામત રાખે છે.

- જો ઑફર કન્ફિગર કરવામાં આવી ન હોય અથવા કોઈ ટેલિફોન નેટવર્ક અથવા લાઇન, કમ્પ્યુટર ઑન-લાઇન સિસ્ટમ, સર્વર અથવા પ્રદાતાઓ, મોબાઇલ હેન્ડસેટ, કમ્પ્યુટર ઉપકરણો, સૉફ્ટવેર અથવા વેબસાઇટની ખામી, વિલંબ, ભારે ઉપયોગ/જામ થવાને કારણે ઉપલબ્ધ થઈ શકતી નથી, તો તે માટે એક્સિસ બેંક જવાબદાર કે ઉત્તરદાયી રહેશે નહીં. યૂઝર આ તકનીકી કારણોસર થતા કોઈપણ નુકસાન, ખર્ચ અથવા ક્ષતિનું વળતર એક્સિસ બેંક પાસે દાવો કરી શકતા નથી.

- ઑફરને માત્ર સહયોગી દ્વારા સફળતાપૂર્વક ટ્રૅક કરેલ અને ચકાસણી કરેલ ટ્રાન્ઝૅક્શન માટે જ માન્ય રહેશે અને એક્સિસ બેંકની કોઈ જવાબદારી રહેશે નહીં.

- ઑફર હેઠળ પ્રાપ્ત થતા લાભોના સંબંધમાં ચૂકવવાપાત્ર તમામ કર, ડ્યુટી, વેરા અથવા અન્ય વૈધાનિક રીતે ચૂકવવાપાત્ર રકમ અને શુલ્ક માત્ર ખાતાધારક દ્વારા ચૂકવવામાં આવશે અને એક્સિસ બેંક આવા કોઈપણ કર, ડ્યુટી, વેરા અથવા અન્ય વૈધાનિક રીતે ચૂકવવાપાત્ર  રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.

- આ ઑફર માટે અપૂર્ણ / નકારવામાં આવેલ / અમાન્ય / પરત કરેલ / વિવાદિત અથવા અનધિકૃત/છેતરપિંડીયુક્ત ટ્રાન્ઝૅક્શનને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

- આ નિયમો અને શરતો ભારતના કાયદાઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. ઑફરના સંબંધમાં તમામ વિષયવસ્તુના સંદર્ભમાં કોઈપણ વિવાદોના સંદર્ભમાં મુંબઈની અદાલતો પાસે વિશિષ્ટ અધિકારક્ષેત્ર રહેશે.

- ઑફર તેમજ આ નિયમો અને શરતો સમયાંતરે બહાર પાડવામાં આવતી, આરબીઆઇની લાગુ પડતી માર્ગદર્શિકા અને પ્રવર્તમાન કાયદાઓ અને નિયમનોને આધિન છે. પ્રવર્તમાન કાયદા / નિયમન અનુસાર, આ ઑફરમાં કોઈપણ સમયે સુધારા / બંધ કરવામાં આવશે તથા જ્યાં સુધી તે સમયે પ્રવર્તમાન / સુધારેલા કાયદા અનુસાર પક્ષો દ્વારા શરતોમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી ઉપરોક્ત ઑફરના અમલીકરણ માટે કોઈપણ પક્ષ કોઈપણ જવાબદારી અથવા ઉત્તરદાયિત્વ હેઠળ રહેશે નહીં. જો કોઈપણ સમયે પ્રવર્તમાન કાયદાનું સંપૂર્ણ પાલન કર્યા વિના ઑફર ચાલુ રાખી શકાતી ન હોય, તો ઑફરને મર્યાદિત / પ્રતિબંધિત કરતો સુધારેલો કાયદો અમલમાં આવે તે તારીખથી ઑફર સમાપ્ત માનવામાં આવશે.

- એક્સિસ બેંક કોઈપણ કારણ આપ્યા વિના અથવા કોઈપણ પૂર્વ સૂચના/નોટિસ વિના, પોતાના વિવેકાધિકાર મુજબ અહીં સમાવિષ્ટ તમામ અથવા કોઈપણ નિયમો અને શરતોમાં ફેરફાર/બદલાવ કરવાનો અધિકાર અનામત રાખે છે. એક્સિસ બેંક કોઈપણ કારણ આપ્યા વિના અથવા કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વિના ઑફર બંધ કરવાનો અધિકાર પણ અનામત રાખે છે. ઑફર પાછી ખેંચવાથી અથવા તેના નિયમો અને શરતોમાં ફેરફાર કરવાથી કે તેને બંધ કરવાથી ઉદ્ભવતા કોઈપણ નુકસાન/ હાનિ/ દાવા/ ઈજા માટે એક્સિસ બેંક કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
- આ ઑફર જ્યાં પ્રતિબંધિત હોય ત્યાં અને/અથવા એવી પ્રૉડક્ટ/સેવાઓ પર ઉપલબ્ધ નથી જેના માટે આવી ઑફર કોઈપણ કારણોસર ઉપલબ્ધ કરાવી શકાતી નથી. કાયદા દ્વારા પ્રતિબંધિત હોય ત્યાં ઑફર અમાન્ય રહેશે.

**અસ્વીકરણ**

ગ્રેબ ડીલ્સ એ એક્સિસ બેંકના ગ્રાહકોને વેપારીઓ/B2B ભાગીદાર દ્વારા વિસ્તૃત ઑફર/ડિસ્કાઉન્ટ માત્ર પ્રદર્શિત કરવા માટેનું એક પ્લેટફોર્મ છે, અને એક્સિસ બેંક આમાંથી કોઈપણ પ્રૉડક્ટ/સેવાઓ વેચતી/પ્રદાન કરતી નથી. બેંક ગ્રાહકોની સમક્ષ વેપારીઓ/પ્રૉડક્ટના માલિકોના સ્પષ્ટ કે ગર્ભિત એજન્ટ તરીકે કાર્ય કરતી નથી.

એક્સિસ બેંક વેપારી/B2B ભાગીદાર દ્વારા આપવામાં આવતી ઑફરના સંદર્ભમાં કોઈ ગેરંટી આપતી નથી અથવા તેનું કોઈ પ્રતિનિધિત્વ કરતી નથી. ઑફર હેઠળ પ્રૉડક્ટ/સેવાઓના વેચાણ/ગુણવત્તા/સુવિધાઓ માટે એક્સિસ બેંક જવાબદાર નથી.

જો ગ્રાહક અહીંથી આગળ વધે છે, તો પ્રૉડક્ટ/સેવાની કોઈપણ ખરીદી માત્ર એક્સિસ બેંકના ક્રેડિટ/ડેબિટ કાર્ડ/નેટ બેંકિંગ સુવિધા/નીઓ ફોર બિઝનેસ દ્વારા જ કરવામાં આવશે. વેપારીઓ/ B2B ભાગીદાર દ્વારા ઑફર કરવામાં આવતી પ્રૉડક્ટ/સેવાઓ અન્ય સ્ટોર/ઑનલાઇન પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ હોઈ શકે છે. આ સંદર્ભમાં ગ્રાહકને તેમના વિવેકાધિકારનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે.